જુલાઈ, ઑગસ્ટ ૨૦૨૬

# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

ब्राह्मणोऽस्य मुखमासित्

રજી. નં. A/3352, અમદાવાદ



શ્રી મહાલક્ષ્મીધામ, શહેરા

# PATIENT EXPERIENCES AT SMILE SAGA!




"Bright ambiance and well-organized clinic!"

"Very positive experience for my 2-year-old son."

"Reasonable charges, no unnecessary treatments suggested"

"Homely feel with understanding dentists."





"Hygienic & Clean Clinic!"

"Polite, skilled, dedicated professionalism."

"Painless RCT Treatment!"



"My kids felt comfortable & happy during the treatment!"



"True advise and proper treatment."

"Highly recommend if you have dental anxiety."




**20/C First Floor, Vande Mataram Icon, New SG Road, Gota, Ahmedabad – 382481.**
**Mob: 8866339488, 9427873169**

Smile Saga
DENTAL CARE FOR ALL AGES

**Dr Maulee Sheth Shukla**
**Endodontist & Smile Design Expert (BDS, MDS)**
**Dr Balraj Shukla**
**Pediatric Dentist (BDS, MDS)**

श्री महालक्ष्म्यै नम:    उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत    महालक्ष्मी प्रसन्नाऽस्तु

"જાગો, ઊઠો, વિરમો નહિ, સાધો આશય ના જ્યાં સુધી"

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત. રજી. નં. A/3352, Ahmedabad

# શ્રીગૌડ જાગૃતિ

## મુખપત્ર

પ્રકાશક અને પ્રમુખ : શ્રી ધ્રુવકુમાર જોશી, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

જુલાઈ, ઓગસ્ટ ૨૦૨૬ | www.sssgujarat.org

**પ્રમુખ**

**શ્રી ધ્રુવકુમાર જોશી**

મો. 99099 49460

**મંત્રી**

**શ્રી યોગેશ શુક્લ**

મો. 98240 58799

**ખજાનચી**

**શ્રી વિનીત દવે**

મો. 97250 97807

**તંત્રી**

**શ્રી રાજેશ પંડ્યા 'રાજ'**

મો. 94286 04119

**તંત્રી મંડળ**

શ્રી રાજેશભાઈ પંડ્યા

શ્રી વિપુલભાઈ વી. દવે

શ્રી દિગિશ દવે

## અનુક્રમણિકા

| | | | |
|---|---|---|---|
| ૧. | જાહેરાત - સ્માઈલ સાગા | | ૦૨ |
| ૨. | તંત્રી લેખ | રાજેશ પંડ્યા - રાજ | ૦૫ |
| ૩. | પ્રમુખની કલમેથી | ધ્રુવ જોષી | ૦૬ |
| ૪. | જાહેરાત - ડોનાલ્ડ કીડ, મલ્હાર સ્પોર્ટ્સ | | ૦૯ |
| ૫. | સ્તંભેશ્વર મહાદેવ,કાવી, કંબોઈ | રાજેશ પંડ્યા - રાજ | ૧૦ |
| ૬. | શીવ મંદિર, બાવકા, દાહોદ | રાજેશ પંડ્યા - રાજ | ૧૧ |
| ૭. | કંથારપુરા મહાકાળી વડ, દહેગામ | રાજેશ પંડ્યા - રાજ | ૧૨ |
| ૮. | શ્રી મહાલક્ષ્મી મંદિર, શહેરા<br>શ્રી મહાલક્ષ્મી મંદિર, લુણાવાડા | રાજેશ પંડ્યા - રાજ | ૧૩ |
| ૯. | શ્રી મહાલક્ષ્મી મંદિર, મધવાસ<br>શ્રી મહાલક્ષ્મી મંદિર, કાલોલ | રાજેશ પંડ્યા - રાજ | ૧૪ |
| ૧૦. | સદાશિવ આર્યુવેર્દિક ક્લીનિક | | ૧૫ |
| ૧૧. | વરદાન ક્લીનિક | | ૧૬ |
| ૧૨. | સિદ્ધિ સોપાન | | ૧૭ |
| ૧૩. | વિધાતા મેરેજ બ્યુરો | | ૧૮ |
| ૧૪. | સમાચાર સંચય | | ૧૯ |
| ૧૫. | બસો સમસ્ત શ્રીગૌડ મંડળ, વડોદરાની વાર્ષિક સભા | | ૨૦ |
| ૧૬. | સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતની કારોબારી સભા, કોઠંબા | | ૨૧ |
| ૧૭. | સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત, અમદાવાદ ખાતે સંગીત સંધ્યા | | ૨૩ |
| ૧૮. | શ્રીગૌડ સાડત્રીસ સમાજ કિટ વિતરણ | | ૨૫ |
| ૧૯. | સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત અને શ્રીગૌડ ૩૭ સમાજનો સંયુક્ત મેડિકલ કેમ્પ | | ૨૬ |
| ૨૦. | ફ્રી મેમોગ્રાફી કેમ્પ - ૩૭ સમાજ | | ૨૭ |

| | | | |
|---|---|---|---|
| ૨૧. | શ્રી ગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ, વડોદરાનો સાંસ્કૃતિક કાર્યક્રમ | | ૨૮ |
| ૨૨. | શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ, વડોદરાનો નવચંડી યજ્ઞ આયોજન | | ૨૯ |
| ૨૩. | શ્રી મહાલક્ષ્મીજી મંદિર, મઘવાસ પ્રાગટ્યોત્સવ | | ૩૦ |
| ૨૪. | શ્રી ગૌડ જ્ઞાતિ જીર્ણ પક્ષ ૧૩૫, કાલોલનો પ્રાગટ્યોત્સવ | | ૩૧ |
| ૨૫. | સફળ કેરિયર ઓપોર્ચ્યુનિટિ સેમિનાર | | ૩૨ |
| ૨૬. | શ્રીગૌડ શુભેચ્છક મંડળ - નાનું તળ, ગોધરા એકમ | | ૩૪ |
| ૨૭. | વાર્તા - મિસકેરેજ | રાજેશ પંડ્યા - રાજ | ૩૫ |
| ૨૮. | પ્રથમ વિજેતા વાર્તા - ટૂંકી વાર્તા સ્પર્ધા, વહેંણ | પંકજભાઈ પુરોહિત - સારંગ | ૩૬ |
| ૨૯. | ટ્રોપિકલ સોલાર એનર્જી | | ૪૦ |
| ૩૦. | એમરાલ્ડ ડેવલોપર્સ | | ૪૧ |
| ૩૧. | વરસાદ | મિનલ શુક્લ | ૪૧ |
| ૩૨. | મુક્ત - યાદ | રંજનબેન પંડ્યા | ૪૩ |
| | યાદ | દક્ષેશ જોશી | ૪૩ |
| | હે મન... | પંકજ પુરોહિત - સારંગ | ૪૩ |
| ૩૨. | માનવતા ભુલાઈ રે | દિલીપકુમાર વી. પંડ્યા | ૪૪ |
| ૩૩. | સોનેટ - હું પછી કોણ ? | ડૉ. બિરેન પાઠક | ૪૪ |
| ૩૪. | શિવાલય | તન્વી શુક્લ | ૪૫ |
| ૩૫. | કિશન કનૈયા લાલકી | વિનય ક્ષોત્રિય | ૪૬ |
| ૩૬. | જોષી ચશ્માવાલા | | ૪૭ |
| ૩૭. | ઉડાન | | ૪૮ |
| ૩૮. | પૂજે જનો સૌ ઉગતા રવિને | ક્રિષ્ના શુક્લ - સુવાસ | ૪૯ |
| ૩૯. | ઉછળ-કૂદતી ચાલી હું તો ચામુંડાને મેળે | અરૂણા પંડ્યા ભટ્ટ | ૫૦ |
| | હાઈકુ | માલા પાઠક | ૫૦ |
| ૪૦. | આવ્યો આવ્યો શ્રાવણ માસ | ભારતીબેન ઉપાધ્યાય | ૫૧ |
| ૪૧. | કોઠંબા ખાતે મળેલ આર્થિક યોગદાન | | ૫૨ |
| ૪૨. | ખુશીનું વૈદું | | ૫૨ |
| ૪૩. | શિવમ પાર્ટી પ્લોટ, શ્રી વિદ્યા મંદિર વિદ્યાલય | | ૫૩ |
| ૪૪. | અવસાન નોંધ | | ૫૪ |
| ૪૫. | જાગૃતિના દાતાશ્રીઓ | | ૫૫ |
| ૪૬. | સમસ્ત શ્રીગૌડ જીવનસાથી વોટ્સએપ ગ્રુપ | | ૫૬ |
| ૪૭. | કારોબારી સભ્યોની યાદી - સમસ્તશ્રીગૌડ સમાજ ગુજરાત | | ૫૭ |
| ૪૮. | માહિતી સમાચાર મોકલવા માટેનું ગુગલ ફોર્મ | | ૫૮ |


•••

## તંત્રી લેખ



શ્રી બંધુ મિત્રો, કુશળ હશો. આપની કુશળતા ઈચ્છું છું.

આપના રાજેશ પંડ્યા 'રાજ'ની હ્રદયના ઊંડાણથી યાદ.

મિત્રો, શ્રી ગૌડ જાગૃતિનો સપ્ટેમ્બર અંક આપની સમક્ષ રજૂ કરું છું. આ અંકમાં આપ સર્વેને આપની અપેક્ષાઓ મુજબની નવીનતમ માહિતીઓ, સાથે સમાજના વિવિધ કાર્યક્રમો યોજાયા એની માહિતીઓ ઉપરાંત સાહિત્ય વિભાગ, અન્ય માહિતીઓ જાણવા મળશે.

મિત્રો, હું શ્રીગૌડ જાગૃતિની ભાષા સરળ રાખવાનો આગ્રહી રહ્યો છું એનું કારણ એક જ કે મિક્ષ કલ્ચર. દરેક વર્ગ સમજી શકે એવી ભાષા જો હોય તો વાંચક વર્ગને વાંચન રસ વધતો જોવા મળે છે. વિવિધ ફોટાઓ જોવાનો લાભ મળે એ હેતુથી હું ફોટાઓનો વધુ આગ્રહી રહ્યો છું.

મિત્રો, સમાજના વિવિધ કાર્યક્રમો યોજાતા હોય છે, અલગ અલગ સ્થળે મિટિંગ યોજાતી હોય છે. તમે પોતાને એક જાણે અદના સૈનિક સમજી અને આવા વિવિધ કાર્યક્રમોમાં રસ લેશો, એમાં હાજરી આપશો તો સમાજનું સંગઠન ઝડપથી મજબૂત બનશે. કમિટી કે કારોબારીના સભ્યો મહેનત કરે છે એ બધાં વોલન્ટરી સેવાઓ જ આપે છે. એમની ભાવનાની કદર કરીને આપ સર્વે પણ આ સામૂહિક શુભ કાર્યમાં જોડાઈ જશો.

મિત્રો, અનેક શ્રી બંધુ સ્વજનો વ્યક્તિગત પણ મેસેજ કરી અને જાગૃતિ માટે અભિનંદન આપતાં રહ્યાં છે એ સર્વેનો આભાર.

મિત્રો, આપ સર્વે જાણો છો કે શ્રીગૌડ જાગૃતિ નિયમિત બહાર પાડવા પાછળ મહેનત કરવી પડે. તમારી પાસેથી હું માત્ર પ્રોત્સાહન જ આ કારણે માંગી રહ્યો છું. પ્રોત્સાહન એક એવી ભાવનાત્મક બાબત છે કે વ્યક્તિ સંપૂણ જુસ્સા સાથે કામ કરી શકે. સમાજના શ્રી બંધુઓ તરફથી હજુ વધુ પ્રોત્સાહન મળતું રહે એવી દરેકને ભાવના હોય.

મિત્રો, ગણેશોત્સવ, નવરાત્રી જેવા અગત્યના તહેવારો આગામી સમયમાં આવશે. સૌ કોઈ આ તહેવારો ધામધૂમથી ઉજવશો અને અન્ય જરૂરિયાત મંદને મદદરૂપ બની એમના ચેહરા પર હાસ્ય આવે એવી મદદ કરશો... એવી ઉચ્ચ ભાવના સાથે લેખ પૂર્ણ કરું છું... આભાર.

**- તંત્રી શ્રી, રાજેશ પંડ્યા 'રાજ'**


આપને ત્યાં સારા-નરસા પ્રસંગે જાગૃતિને દાન આપો અને અપાવો. વિગતો નીચે મુજબ છે.

**ખાસ નોંધ : બેંકની વિગત નોંધી લેશો.**

એકાઉન્ટ નામ : સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

એકાઉન્ટ નંબર : ૩૦૧૨૧૮૩૯૦૯૨

બેંક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બ્રાંચ : પ્રગતિનગર (૦૮૦૫૩)

**IFS Code : SBIN0008053**

E-mail - shreegaudjagruti2019@gmail.com

Website - https://samastshreegaudsamajgujarat.org

Facebook- https://www.facebook.com/samastshreegaudsamaj/

**Contact No. : 8799163969 (Jayant Joshi)**

**પ્રમુખની કલમેથી...**

પ્રિય શ્રીબંધુઓ અને બહેનો,

જય મહાલક્ષ્મી મા.



સમાજ ઝરૂખેથ જોતાં,

પવિત્ર શ્રાવણ માસની ભક્તિમય વેળાએ ચોતરફથી ગુંજતો 'હર હર મહાદેવ'નો નાદ જાણે જીવ અને શિવના મિલનની અનુભૂતિ કરાવે છે. ભક્તિના આ દિવ્ય વાતાવરણમાં એક સુન્દર સત્ય સહજ રીતે સ્મરણમાં આવે છે—'બહુરત્ના વસુંધરા' માત્ર એક ઉક્તિ નથી, પરંતુ સૃષ્ટિનું શાશ્વત સત્ય છે; અને એ જ રીતે 'બહુરત્ના શ્રીજન' પણ આપણા સમાજની જીવંત વાસ્તવિકતા છે.

આપણા વિશાળ પરિવારના આંગણે નજર કરીએ તો છેલ્લા કેટલાય સમયથી અનેક બંધુઓ, બહેનો અને બાળકોએ વિવિધ ક્ષેત્રોમાં પોતાની પ્રતિભા અને પુરુષાર્થનો પરિચય કરાવી નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. તેમની સફળતા માત્ર વ્યક્તિગત ગૌરવની વાત નથી; એ સમગ્ર પરિવારના મસ્તક પર શોભતો ગૌરવતિલક છે. તેથી જ આપણે તેમની દરેક સિદ્ધિને 'તેમની સિદ્ધિ એટલે પરિવારની સિદ્ધિ' એવા આત્મીય ભાવથી વધાવી છે.

એક દીવો પોતે પ્રકાશે છે અને આસપાસના અંધકારને પણ દૂર કરે છે. તેવી જ રીતે આપણા પરિવારના કોઈ એક સભ્યની સિદ્ધિ અનેક હૃદયોમાં આશા જગાવે છે, અનેક યુવાનોને સ્વપ્ન જોવાની પ્રેરણા આપે છે અને અનેક બાળકોને પોતાની ક્ષમતાને ઓળખવાની દિશા આપે છે. વ્યક્તિગત સફળતાનું આ સામૂહિક પ્રેરણામાં રૂપાંતર થવું એ જ સશક્ત સમાજની નિશાની છે.

આ ભાવનાને સાકાર કરવા માટે સમાજમાં રહેલી કલા, કૌશલ્ય અને કસબને યોગ્ય મંચ મળે તેવા વિવિધ રચનાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. રમતગમતની સ્પર્ધાઓથી લઈને સાહિત્ય સર્જન અને સર્જનાત્મક સ્પર્ધાઓ સુધીની પ્રવૃત્તિઓએ આપણા પરિવારની આંતરિક પ્રતિભાને ઉજાગર કરી છે. હવે નૃત્ય, સંગીત અને મંત્રોચ્ચાર જેવી સ્પર્ધાઓ પણ ટૂંક સમયમાં યોજાવા જઈ રહી છે. આ કાર્યક્રમો માત્ર સ્પર્ધા નથી; તે પ્રતિભાની શોધ, પ્રોત્સાહન અને સંવર્ધનના ઉત્સવ છે.

સમાજનું સંગઠન માત્ર સંખ્યાથી મજબૂત બનતું નથી; વિચારની એકતા, પરસ્પર સંવાદ અને સહભાગિતાથી સંગઠનને સાચી શક્તિ મળે છે. સમાજનો સર્વાંગી વિકાસ થાય, સંગઠનનો વ્યાપ વિસ્તરે અને પરસ્પર આત્મીયતા વધુ સુદૃઢ બને તે માટે વિવિધ શહેરો અને નગરોમાં મિલન સમારંભો તેમજ કાર્યવાહક

સમિતિની બેઠકો યોજાઈ રહી છે. આવા પ્રસંગો માત્ર મુલાકાત પૂરતા સીમિત નથી રહેતા; ત્યાં વિચારોનું આદાનપ્રદાન થાય છે, પ્રશ્નો પર મંથન થાય છે અને સમાજના ભવિષ્ય માટે નવી દિશાઓનું નિર્માણ થાય છે.

આ સમગ્ર યાત્રામાં એક વિશેષ આનંદની વાત એ છે કે આપણા સમાજના અનેક નિષ્ણાતો અને અનુભવી તજજ્ઞો વિવિધ ક્ષેત્રોમાં સ્પર્ધકો અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા સહર્ષ આગળ આવ્યા છે. જ્યાં અનુભવ યુવાનીની ઊર્જા સાથે જોડાય છે ત્યાં પ્રગતિના નવા દ્વાર ખૂલે છે. તેમની નિઃસ્વાર્થ સેવા અને માર્ગદર્શન આપણા સમાજની સમૃદ્ધ આંતરિક મૂડી છે.

આપણા સમાજનું મુખપત્ર 'જાગૃતિ' પણ આ સંગઠનયાત્રાનું એક સશક્ત માધ્યમ બની રહ્યું છે. વિશ્વના વિવિધ ખૂણામાં વસતા આપણા પરિવારજનોને સમાજની પ્રવૃત્તિઓ, સિદ્ધિઓ અને વિકાસ સાથે જોડવાનું કાર્ય 'જાગૃતિ' સતત કરી રહ્યું છે. અંતર ભલે ભૌગોલિક હોય, પરંતુ લાગણી અને આત્મીયતાનું અંતર ન રહે—એ 'જાગૃતિ'નો મૂળ હેતુ છે.

સમાજની આવી સકારાત્મક અને રચનાત્મક પ્રવૃત્તિઓને પરિવારજનો તરફથી મળતો સહયોગ અને પ્રોત્સાહન આપણને નવી ઊર્જા આપે છે. આ સહયોગ માત્ર કોઈ એક કાર્યક્રમને સફળ બનાવતો નથી; તે સંગઠન પ્રત્યેની આપણી સહિયારી નિષ્ઠા અને સમાજના ઉજ્જવળ ભવિષ્ય પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.

આપણે સૌ સાથે મળીને એવી પરંપરા ઊભી કરીએ જ્યાં દરેક પ્રતિભાને પાંખ મળે, દરેક પુરુષાર્થને પ્રોત્સાહન મળે, દરેક સિદ્ધિને પરિવારનું ગૌરવ માનવામાં આવે અને દરેક પેઢી બીજી પેઢી માટે પ્રેરણાસ્રોત બને. સંસ્કારની ધરતી પર જ્ઞાનનું સિંચન અને સંગઠનની છત્રછાયામાં પ્રતિભાનું સંવર્ધન—આપણા સમાજની સાચી સમૃદ્ધિ છે.

આ પવિત્ર શ્રાવણ માસની વેળાએ મહાલક્ષ્મી મા આપણા સમગ્ર પરિવાર પર કૃપાદૃષ્ટિ રાખે, આપણા બાળકો અને યુવાનોની પ્રતિભાને યોગ્ય દિશા અને ઊંચાઈ આપે, સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સફળતાનો પ્રકાશ પાથરે તથા આપણા સમાજની એકતા અને સંગઠનને અખંડ રાખે—એવી હૃદયપૂર્વકની પ્રાર્થના.

જય મહાલક્ષ્મી મા.

અસ્તુ !

-ધ્રુવ, જોશી, પ્રમુખ

# સૌનું પોતીકું નજરાણું શ્રીગૌડ જાગૃતિ

શ્રી બંધુ મિત્રો,

શ્રીગૌડ જાગૃતિમાં દર બે માસે નિયમિત બહાર પડતાં લોકપ્રિય રંગીન અંક માટે જાહેરાતો આપવાની વિગતો આપેલી છે.

| | | |
|---|---|---|
| પેજ સાઈઝ | આખું પેજ 140/210 mm | અડધું પેજ 140/105 mm |
| પેજના ભાવ (રૂ) | 800 | 500 |
| પ્રથમ, બીજું અને છેલ્લું પેજ | 1000 | |

Bank Details: Account name : Samast Shreegaud Samaj, Gujarat
Bank : SBI
Branch : Pragatinagar
Account number : 30121839092
IFS Code : SBIN0008053

---

મિત્રો,

તમારા ધંધાની, વ્યક્તિ વિશેષ તરીકે પોતાની, અવસાન નોંધ, વ્વવસાયની, માતાજીના તીર્થધામના આખા પેજના ફોટા સાથેની, કોઈ બહારના ઓળખીતા સંપર્કની...કોઈપણ રીતે જાહેરાત આપી શકો છો. જાહેરાત બની શકે એટલી વહેલી પહોંચાડવાની રહેશે તો મને ગોઠવતા ફાવે.

દરેકનું માનીતું નજરાણું હોવાથી અંકની લોકપ્રિયતા વધતી જ જાય છે. અન્ય સમાજ પણ મારી પાસે પ્રમાણ તરીકે અંક મંગાવ્યો હતો.

તમારું કામ આપણા નજરાણાં અંકને જાહેરાતો થી ભરી દેવાનું, મારું કામ દરેક શબ્દોમાં કાયમ માટે વિવિધતા ભરી દેવાનું. તમે તમારું કામ સંભાળો, જાહેરાતો આપી મને પ્રોત્સાહિત કરો, હું મારું કામ કરું.. સમાજના માટે અંદરથી રસ ધરાવતા શ્રીબંધુઓનો સમાજ રસ વધતો જાય એવો અંક બનાવવા મહેનત કરૂ છું. અહીં સમાનતા ના ધોરણે જ કામ થાય છે. સપ્ટેમ્બર અંકમાં જાહેરાત માટે નોંધણી કરાવી ઝડપથી જાહેરાત મોકલી આપશો

- તંત્રી, શ્રીગૌડ જાગૃતિ




**સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતને અનુદાન આપવા માટે આ QR કોડનો ઉપયોગ કરી શકો છો.**

**- વિનિતભાઈ દવે**
**ખજાનચી**
**મો. ૯૭૨૫૦૯૭૮૦૭**

ISO 9001 : 2015 CERTIFIED

# Donald Kids

**Nursery, Junior KG, Senior KG**

(English, ગુજરાતી Medium)





**Managing Committee**

- Mrs. Smita Joshi
- Mrs. Bhagyashree Joshi

Opp. Yash Complex, Nr. Pushpam Society,
Opp. Shivam Party Plot, Gotri, Vadodara.

# MALHAAR
SPORTS ACADEMY

**CRICKET**
**FOOTBALL**
**TENNIS**
**BADMINTON**

- *Coaching*
- *Box Cricket*
- *Corporate Booking*
- *Tournaments*

**PROPRIETOR : BHAUMIK JOSHI**

C/o. Shivam Party Plot
Opp. Shree Vidhyamandir Vidhyalaya, Gotri, Vadodara

# સ્તંભેશ્વર મહાદેવ, કાવી-કંબોઈ

વડોદરાથી લગભગ ૮૫ કીમી અંતરે આવેલું પ્રાચીન તીર્થ સ્તંભેશ્વર મહાદેવનો મહિમા અનેરો છે. દરિયાના મોજાં કુદરતી અભિષેક શિવલિંગને કરે છે. ભક્તો પણ દિવસમાં પાંચ કે છ કલાક જ શિવલિંગના દર્શન કરી શકે છે.

શિવપુરાણમાં પણ આ મંદિર નો ઉલ્લેખ છે. તારકાસુર રાક્ષસ શિવજીનો ભક્ત હતો. મોટા શિવપુત્ર કાર્તિકેય સ્વામીના હાથે એનો અંત નક્કી થઈ જતાં એણે છુટકારો મેળવવા પોતાની આસુરી શક્તિ વધારી દીધી. એક તરફ દક્ષ પ્રજાપતિ બનાવ કારણે વિયોગમાં શિવજી અને પાર્વતીજી તપોબળ વધારવા તપ કરતાં હતાં, દેવતાઓની વિનંતીને માન આપીને શિવજીએ પ્રસન્ન થઈને પાર્વતીજી સાથે વિવાહ કર્યા. કાર્તિકેય સ્વામીનો જન્મ થયો. કાર્તિકેય સ્વામીએ તારકાસુર રાક્ષસનો વધ કર્યો પણ મનથી શિવભક્તનો વધ કર્યો એવો પસ્તાવો કરતાં હતાં. વિષ્ણુ ભગવાને એમને મન શાંતિ માટે અહીં શિવલિંગની સ્થાપના કરવા કહ્યું. સ્તંભેશ્વર મહાદેવ આવો અનેરો મહિમા ધરાવે છે.

એ પછી ઘણાં યૂગો સુધી શિવલિંગ ગુપ્ત રહ્યું. છેલ્લી સદીઓમાં ફરી ઉજાગર બન્યું. એ કારણ ગુપ્ત તિર્થ તરીકે પણ પ્રચલિત બન્યું. શ્રાવણમાસમાં અનેક શિવભક્તો આ તિર્થધામની મૂલાકાતે આવે છે. મંદિરની ભવ્યતાનો અનુભવ કરે છે. શ્રાવણમાસ ચાલું છે તો અચૂક આ પ્રાચીન તીર્થ મુલાકાત લેશો.

-તંત્રીશ્રી



# બાવકા શિવમંદિર, બાવકા, દાહોદ

મિત્રો, જે અપૂજ્ય શિવમંદિર હોય એ શિવલિંગની પ્રાણશક્તિ અતિ તેજ હોય એવું કહેવાય છે. આજે આપણે ઈ.સ ૧૨૯૦ પહેલાંનું પણ હજુ અડીખમ ઊભેલું અને લોકવાયકા મુજબ કોઈ અદૃશ્ય શક્તિ થકી એક જ રાતમાં બનેલું એવું બાવકા શિવમંદિર, દાહોદ ની વાત કરીશું.

આ મંદિર ભીમદેવ બીજા ના શાસનકાળ માં અસ્તિત્વ માં આવ્યું એવું કહેવાય છે. સૂર્યનું સૌ પ્રથમ કિરણ ગુજરાતમાં આ મંદિરમાં પડે છે. ભૂતકાળમાં ખૂબ જાહોજલાલી ધરાવતું પંચાયતન પ્રકારનું આ મંદિર હતું. કેન્દ્રમાં મોટું શિવાલય અને બંને આજુબાજુએ અન્ય બબ્બે શિવાલયો. મહંમદ ગઝનવી એ આ મંદિર લૂંટતા મંદિરની જાહોજલાલી નો અંત આવ્યો. કાળક્રમે માવજત ન મળતાં આ મંદિર અજ્ઞાત જેવું બની ગયું. મંદિરની શૈલી ખજૂરાહોના મંદિર પ્રકારની છે. અનેક મૂર્તિઓ હાલ પણ ભગ્ન અવસ્થામાં વેરવિખેર દશામાં જોવા મળે છે. મંદિરનું બાંધકામ પણ બધાંથી અલગ પ્રકારે જોવા મળે છે. અમૂક પથ્થરો જે મંદિરના ઉપયોગમાં લેવાના હતાં એ પણ હજુ એ જ અવસ્થામાં એમનેમ પડેલા દેખાય છે. આજુબાજુ સુંદર પ્રકૃતિનો નજારો અને વચ્ચે શિવમંદિર..કોઈ ફીલ્મના શૂટિંગ માટેની બિલકુલ યોગ્યતા પુરવાર કરે છે. મોટા મોટા શિવમંદિરો તો ઘણા જ જોવા મળે પણ આવું પ્રાચીન જુગુપ્સાપ્રેરક શિવમંદિર ભાગ્યે જ જોવા મળે એ આનું મહત્વ છે.

નવું જાણવાની ઈચ્છા ધરાવતા ઘણા લોકો અચૂક આ મંદિરની મુલાકાત લે છે. કોઈ વાર દાહોદ બાજુ નીકળવાનું બને તો આ મંદિરની ચોક્કસ મુલાકાત લેશો.

- તંત્રીશ્રી







# કંથારપુરા મહાકાળી વડ, દહેગામ

મિત્રો, મિની કબીરવડ તરીકે પ્રચલિત ગાંધીનગર જિલ્લામાં દહેગામ પાસે આવેલા કંથારપુરા મહાકાળી વડ વિશે વાત કરીએ.

મિત્રો, લગભગ પાંચસો વરસ જુનો આ વડ લગભગ અઢી થી ચાર વીઘા ઘેરાવામાં ફેલાયેલો જોવા મળે છે. વડની ઉંચાઈ લગભગ ચાલીસ મિટર જેટલી રહેલી છે.આ વિશાળ વડના મૂળ અને થડની વચ્ચે સ્વયંભૂ પ્રગટ થયેલા માં મહાકાળી માતાજી અને તેમનું મંદિર આ સ્થળને વિશેષ ધાર્મિક મહત્વથી જોડે છે. નવરાત્રી અને પૂનમના દિવસે અહીં ભક્તોની ભારે ભીડ જોવા મળે છે. રવિવારે અથવા રજાના દિવસોમાં અહીં મૂલાકાતીઓ વધુ જોવા મળે છે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આ સ્થળને વધુ આકર્ષક બનાવવા વિવિધ સુવિધાઓ અહીં આપવામાં આવેલી છે. જેવી કે સુંદર લેન્ડ સ્કેપિંગ, વોકિંગ પાથ વે, ધ્યાન અને યોગ કેન્દ્ર, એકિઝબિશન હોલ અહીં ઉપલબ્ધ છે.

આ વડ એક નાના જંગલ જેવો ભાસ કરાવે છે. અનેક પક્ષીઓનો અહીં વસવાટ છે. મનની શાંતિ, કુદરતનૌ ખોળો..આવી કંઈ અનુભૂતિ મેળવવી હોય તો દહેગામથી નજીક આ સ્થળની અચૂક મુલાકાત લેશો..

- તંત્રી શ્રી.







## શ્રી મહાલક્ષ્મી મંદિર, શહેરા

માં મહાલક્ષ્મીના અતિ પ્રાચીન મંદિરોમાં એક અને પૂરાણોમાં પણ જેનો ઉલ્લેખ જોવા મળે છે એવું શ્રી મહાલક્ષ્મી ધામ, શહેરા એક અગત્યનું યાત્રાધામ છે. પવિત્ર શ્રાવણમાસ એ પછી માતાજીનો પ્રાગટ્યોત્સવ, નવરાત્રી અને દિવાળીના દિવસો દરમિયાન ભાવિક ભક્તોની ભારે ભીડ આ મંદિરમાં જોવા મળે છે. આ ભવ્ય મંદિરની સફળ પ્રવૃત્તિઓ એના કુશળ વહીવટકર્તાઓના ફાળે જાય છે. ગોધરા-લુણાવાડા રોડ ઉપર નીકળશો તો શહેરામાં આવેલું આપણા શ્રીગૌડ મંદિરની અચૂક મુલાકાત લેશો.

- તંત્રી શ્રી





## શ્રી મહાલક્ષ્મી મંદિર, લુણાવાડા

શ્રી મહાલક્ષ્મી મંદિર, લુણાવાડા શ્રીગૌડ સમાજ ના કુળદેવી અને સાથે નિયમિત ભક્તિ પૂજા ધાર્મિક પ્રસંગો સાથે જોડાયેલું અગત્યનું મંદિર છે. હજુ આજે પણ મંદિરમાં ભોજન પ્રસાદી અબોટિયું પહેરીને જ આપવાની એક પરંપરા વરસોથી સચવાયેલી રહેલી છે. ભક્તિ-પૂજા અને શ્રધ્ધા નો અનેરો સમન્વય આ મંદિરમાં જોવા મળશે. પવિત્ર તહેવારોના દિવસોમાં માતાજી સન્મુખ થવાનો લ્હાવો અનેરો હોય છે. આ મંદિરની ચોક્કસ મૂલાકાત લેશો.

- તંત્રીશ્રી



## શ્રી મહાલક્ષ્મી મંદિર, મધવાસ

માં મહાલક્ષ્મીના પ્રાચીન મંદિરોમાં નું એક અને મહિસાગરના ઘોડાપૂરો ઝીલી ચમત્કારીક રીતે અડીખમ ઊભેલું એવું મહાલક્ષ્મી મંદિર, મધવાસ અલગ મહત્વ ધરાવે છે. રમણીય મહિસાગર કાંઠો અને શાંત, કુદરતી, પવિત્ર જગ્યા. મન શાંતિ માટે બીજું શું જોઈએ. પવિત્ર શ્રાવણમાસ, માતાજીનો પ્રાગટ્યોત્સવ, નવરાત્રી, દિવાળી ના દિવસોમાં ભાવિક ભક્તજનો મંદિરના દર્શને આવીને માતાજી સામે સન્મુખ બને છે. પવિત્ર તહેવારોના દિવસોમાં તમે અચૂક આ રમણીય નદી તટ મંદિરની મુલાકાત લેશો.

-તંત્રી શ્રી.





## શ્રી મહાલક્ષ્મી મંદિર, કાલોલ

બસ્સો વરસ જુની માં મહાલક્ષ્મીની મૂર્તિ, શ્રીગૌડ સમાજના કુળદેવી સાથે મંદિરનું સમયે સમયે પૂનઃ નિર્માણ આ મંદિર તરફ અચૂક મુલાકાત માટે ખેંચી લાવે છે. માતાજીનો પ્રાગટ્યોત્સવ, નવરાત્રી ગરબા, દિવાળી અન્નકૂટ મહોત્સવો માં ભારે ભીડ જોવા મળે છે. કાયમ માટે મંદિરમાં દર્શનાર્થે અનેક શ્રધ્ધાળુઓ આવતા રહે છે. હાલોલ-ગોધરા હાઈવે પર નીકળવાનું થાય તો આ મંદિરની અવશ્ય મુલાકાત લેશો.

- તંત્રીશ્રી





# સદાશિવ આયુર્વેદિક ક્લિનીક

## પંચકર્મ, એક્યુપંચર, અગ્નિકર્મ, પેઈન મેનેજમેન્ટ & ગર્ભસંસ્કાર કેન્દ્ર

**વૈદ્ય. નિર્જર શુક્લ :- 99799 56633, 94296 18855**

B.A.M.S., P.G.DIPLOMA IN PANCHKARMA, P.G.DIPLOMA IN ACUPUNCTURE,
CERTIFICATE IN NUTRITION AND CHILDCARE

### ગર્ભ સંસ્કાર

- ગર્ભ સંસ્કાર શું છે?
- ગર્ભ સંસ્કાર શાના માટે છે?
- ગર્ભ સંસ્કાર ક્યારે કરાવું પડે?
- શુ ગર્ભ સંસ્કાર ફક્ત ગર્ભવતી માતા માટે હોય છે?
- ગર્ભ સંસ્કાર મા ઘરના બીજા સભ્યો નો કોઈ પણ રોલ છે?
- શુ ગર્ભ સંસ્કાર માટે તમારો કોઈ પ્રશ્ન છે?
- તો એક વખત અમને અવશ્ય મળો.
- તમારા પ્રશ્નો નો યોગ્ય ઉત્તર અમારી પાસેથી મળી શકે છે.

**ONLINE CONSULTATION AVAILABLE THROUGH VIDEO CALL**

**Case Fee:- Rs. 1000/-**

**Only On Second Saturday and Sunday**

**Rs. 500/-**

**એપોઈન્ટમેન્ટ લઈને આવવું.**

### ચામડી ના રોગ

- જુની ધાધર
- જુનું ખરજવુ
- ચામડી પરના મસા
- સોરિયાસિસ
- સફેદ-ડાઘ
- પગના ચીરા તથા કણી
- ખીલ અને તેના ડાઘ
- શીળસ
- કરોળીયા

### પુરૂષોને લગતા રોગો

- નપુંસકતા
- શુક્રાણુઓની ઉણપ
- પ્રોસ્ટેટની સમસ્યા વગેરે

### અન્ય રોગો

- ડાયાબિટીસ
- બ્લડ પ્રેશર (B.P.)
- થાઈરોઈડ
- આસ્થામા
- કિડની/ પિત્તાશય પથરી
- એલર્જી

### વાળના રોગો

- ખરતાં વાળ
- ખોડો
- નાનપણ માં સફેદ વાળ
- ટાલ પડાવી
- ઉંદરી

### સ્ત્રી રોગો

- માસિક ને લાગતી તકલીફો
- સફેદ પાણી
- શરીર ધોવાવું
- PCOD/PCOS
- પેશાબમા વારંવાર ઈન્ફેક્શન
- વંધ્યત્વ-વગેરે

### પાચનને લગતા રોગો

- ગેસ
- અપચો
- જુની એસીડીટી
- જુની કબજીયાત
- હરસ
- મસા
- લીવરનો સોજો
- ફેટી લીવર - વગેરે

### માનસિક રોગો

- ડિપ્રેશન
- તણાવ
- ગભરામણ
- અનિંદ્રા

### સાંધાના રોગો

- સાયટિકા
- સંધિવા
- આમ વા
- ગઠિયા વા
- કમર નો દુઃખાવો
- મણકા નો ઘસારો
- સાંધાનો ઘસારો
- એડીનો દુઃખાવો -વગેરે













**અમદાવાદ**

5/બી શ્રુતિકુંજ સોસાયટી વિભાગ ૧, ઈલાજ મેડિકલ સ્ટોર ની બાજુમાં, જુના મણીનગર રેલ્વે ક્રોસિંગ પાસે,મણિનગર ( ઈસ્ટ ) , અમદાવાદ

**શ્રીબંધુ માટે કન્સલ્ટેશન ફ્રી.**

# વરદાન ક્લીનીક
# અને
# વરદાન ગર્ભ સંસ્કાર કેન્દ્ર




ડૉ. મહેશકુમાર એસ. શુક્લ
વૈદ્ય યોગીનીબેન એમ. શુક્લ
ડૉ. રુદ્રાગ એમ. શુક્લ

**વરદાન ગર્ભ સંસ્કાર કેન્દ્ર. લુણાવાડા.**
**Mob 9426085801/9428367893**

# સમસ્ત શ્રીગૌડ સમાજ તરફથી સિદ્ધિ પામનાર દરેકને ખૂબ ખૂબ અભિનંદન.

## Proud moment for our Samaj




Dr.Amish Mehta son of late shri Kiranbhai Mehta (Pethapur) former committee member received IMA National Academic Award to commemorate Doctors' Day, from none other than Shri Rajnath Sinhji, union defence minister !

# Huge news!

Proud to share that Freny Nirav Dave won the Silver Medal at the State Level Powerlifting Championship (WPC Gujarat)!

She has officially qualified for the Nationals! Need all your love, blessings, and support for the next big step!







Kalki Pooja Harsh Joshi Student of the Year in KUDO કલકી હર્ષ જોષી (અમદાવાદ વેજલપુર) ને ગુજરાત ના નાયબ મુખ્ય મંત્રી હર્ષ સંઘવી ના હસ્તે Student of the year નો Kudo ma Open state ane State level મેડલ પ્રાપ્ત કરેલ છે. ખૂબ ખૂબ અભિનંદન. સમાજ ગૌરવ અનુભવે છે.

# સમાજનું ગૌરવ



જણાવતાં આનંદ થાય છે કે આપણા સમાજ ના દક્ષેશભાઈ તથા જાગૃતિબેન પંડયા વડોદરા ના પુત્ર

**કશ્યપ દક્ષેશભાઈ પંડ્યા**ની CSIR-કેન્દ્રીય વૈજ્ઞાનિક ઉપકરણ સંગઠન, ચંદીગઢ ખાતે Project Associate II તરીકે પસંદગી થઈ છે. આ સમાચાર થી સમાજ ગૌરવ અનુભવે છે. અને કશ્યપ ના ઉજવળ ભવિષ્ય માટે ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવે છે. ખૂબ ખૂબ અભિનંદન.

વિભાકરભાઈ જે.વ્યાસ - પ્રમુખ
જીજ્ઞેશ બી. પંડિત - મહામંત્રી

---




Aarav who is my grandson and staying in Canada .I don't know how he is playing but recently he awarded by best Soccer player. Previously his team also won one Soccer turnament and that time he was awarded by best goalkeeper. Aarav receiving best Soccer player Award. As a parent I am so proud to witness your achievements on Soccer field. Watching you stand strong as a Goalkeeper, showing courage, focus and passion. Keep Shining my Champ.

- Yogesh Shukl.

ટ્રસ્ટ રજી. નંબર : ઇ-૭૨૮૩/૧૯૯૮
AMC રજી. નં. : PIEL ૪૧૬૨૩/૧૯૯૫

૯૮ ૭૯ ૭૯ ૪૧ ૩૪
૯૮ ૭૯ ૬૦ ૪૧ ૩૪

॥ શ્રી ગણેશાય નમઃ ॥

Estd.1995
V. M. B.

હસમુખ જોષી સ્થાપિત

# વિધાતા મેરેજ બ્યુરો

વિધાતા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ

૧૯૯૫થી ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાનના તેમજ ભારતના, વિદેશના સર્વજ્ઞાતિના તમામ પ્રકારના જીવનસાથી પાત્રો ૧૦૦% ગેરંટીથી મેળવી આપનાર લગ્ન સંસ્થા

સર્વ જ્ઞાતિના અભણ, ઓછું ભણેલા, નોન ગ્રેજ્યુએટ, ડીગ્રીધારક - મેડીકલ, એન્જીનીયરીંગના ઉચ્ચ શિક્ષિત ભારતના - વિદેશના NRI માટેના જીવનસાથી પાત્રો ૧૦૦% ગેરંટીથી મેળવી આપનાર કોમ્પ્યુટરાઇઝ્ડ લગ્ન સંસ્થા

અપરણિત ● છુટાછેડા ● વિધવા ● વિધુર ● સીનીયર સીટીઝન
સફેદદાગ ● વિકલાંગ ● શારિરીક ક્ષતિ ● મુકબધિર ● પ્રજ્ઞાચક્ષુ
HIV ● NRIયુવક-યુવતિના લાયક અને યોગ્ય જીવનસાથી
પાત્રો આપની પસંદગી અને ઇચ્છા અનુસાર કોન્ટેક્ટ કરાવી આપવામાં આવે છે.

**એક ફોન / મુલાકાત આપની જિંદગી બદલી શકે છે.**

૩૧૬, શ્રીજેમાળ, સીટીગેટ, વિશાલા હોટલ અને રાજવસ સીટીની વચ્ચે, ન્યુ વાસણા, અમદાવાદ.
સમય : ૧૦ થી ૮ ● રવિવાર ૧૦ થી ૧ ● જાહેર રજાએ ચાલુ
Website : www.vidhatamarriage.com
E-mail : contact@vidhatamarriage.com

"લગ્ન સ્વર્ગમાં રચાય છે, તેમની જોડી "વિધાતા" યોગ્ય સમયે મેળવી આપે છે, તેમાં પુરુષાર્થ થકી પ્રારબ્ધ ઘડનારી "વિધાતા" પણ છૂટ આપે છે."

નિલમ જોષી
ધ્વનિ જોષી

દિના જોષી
મેનેજર

# બસો સમસ્ત શ્રીગોડ મંડળની વાર્ષિક સભામાં તેજસ્વી વિદ્યાર્થીઓ અને વડીલોનું સન્માન કરાયું

**આણંદ** | વડોદરાના હરણી સ્થિત વાલમ હોલમાં બસો સમસ્ત શ્રીગોડ મંડળની વાર્ષિક સામાન્ય સભા પ્રમુખ આશિષ પાઠક અને મંત્રી જતીન ઉપાધ્યાની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય સાથે યોજાઇ હતી. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ તેમજ સમાજના વડીલો, દાતાઓ અને પૂર્વ હોદ્દેદારોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ સભામાં મંડળનો વાર્ષિક અહેવાલ રજૂ કરાયો હતો અને સેલજા દવે તથા સમિતિના સભ્યોના સહયોગથી સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનોએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં હાજરી આપી હતી.











# સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત ની કારોબારી સભા, તારીખ ૧૩/૯/૨૬ રવિવારે લુણાવાડા પાસેના કોઠંબા ગામે શ્રી લોમેષભાઈ ઉપાધ્યાયની યજમાની માં યોજાઈ હતી.

અમદાવાદથી ટ્રસ્ટીઓ સહિત કારોબારી સભ્યો, વડોદરા, આણંદ, ગોધરાથી પણ શ્રી સભ્યોએ મિટિંગમાં ભાગ લીધો હતો. શ્રી લોમેષભાઈએ તો મિટિંગને એક સ્વાગત સમારોહમાં જ બદલી કાઢ્યો હતો. સૌ પ્રથમ દરેકને કંકુ -તિલકના અભિવાદન કરીને, શાળાના બાળકો દ્વારા સુંદર ધાર્મિક કાર્યક્રમ રજુ કરાયો હતો. લોમેશભાઈએ ખુબ પ્રેમ અને આદરથી શ્રી સમાજના સૌ મહેમાનોને આવકારી પુષ્પબુકેથી સન્માન કર્યું .ત્યાર બાદ સૌએ સ્વાદિષ્ટ ભોજન લીધું હતું. આ સુંદર ભોજન, સમારંભ અને શ્રી સ્વજનોને આવકારવા માટે લોમેશભાઈએ અને એમના પરિવારે ખૂબ તૈયારીઓ કરી હતી. વિદાય સમયે સમારંભ માં પધારનાર સર્વે શ્રી બંધુઓને એક સ્મૃતિ ભેટ પણ અર્પણ કરી કોઠંબા નું એક સંભારણું સૌને ધર્યું હતું.

ઉપ પ્રમુખ ડૉ. મહેશભાઈ શુક્લની રાહબરી હેઠળ કારોબારી મીટીંગ ની શરૂઆત થઇ. ઉપ પ્રમુખ શ્રી જયંતભાઈ જોષી, સહમંત્રી શ્રી દિગિશભાઈ દવે ટ્રસ્ટી મંડળના અન્ય સભ્યો, ખજાનચી વિનીતભાઈ દવે, વડીલ સલાહકાર મુ.કુમુદભાઇ દવે તથા કાલોલ વડીલ સલાહકાર હરીશભાઈ ઉપાધ્યાય પણ મિટિંગમાં હાજર રહ્યાં હતાં. ઓડિટેડ હિસાબો સર્વાનુમતે મંજૂર થયાં હતાં. આ ઉપરાંત મિટિંગમાં ભવિષ્યના આયોજનો બાબતની ચર્ચા થઈ હતી.

લોમેષભાઈ ઉપાધ્યાયની આગતા-સ્વાગતા અને એમના સ્કૂલના સ્ટાફની સેવાઓ ખરેખર વંદનીય ગણાય. સાથે ચાલીસ હજાર રૂપિયા જેવો સમાજને સહયોગ એમના પ્રયત્નો થકી સમાજને મળ્યો એ નોંધનીય બાબત છે. સમાજ આ રીતે જ પ્રગતિ કરે, એવું એક પ્રમાણમાપ આ મિટિંગ થકી જાણે મળ્યું છે.

આવી જ અન્ય જગ્યાએ સમાજની મિટિંગ યોજાવાનું ચાલુ રહેશે અને સમાજના દરેક સભ્યને એક આગવો પરિચય આવી આધુનિક કાર્યશૈલીનો મળી રહે એ માટે અમે સતત પ્રયત્નશીલ છીએ. આભાર











# સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત દ્વારા સંગીત સંધ્યાનો મ્યુઝિકલ કાર્યક્રમ, સૂર શિવમ ઓડિટોરિયમ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે તારીખ ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ યોજાયો હતો.




આ ઝાકઝમાળ કાર્યક્રમ માં ૧૮ જેટલા સંગીત રસિકોએ પોતાના સુંદર ગીતો, સુરીલા અવાજ સાથે રજૂ કર્યા હતાં. સંચાલન ટીમના સભ્યો એવા શ્રી વિજયભાઈ ઉપાધ્યાય(ટ્રસ્ટી, SSS G ), શ્રી દિગિશભાઈ દવે ((ટ્રસ્ટી, SSS G ), શ્રી જયંતભાઈ જોષી (ઉપ પ્રમુખ SSSG), શ્રી ધ્રુવભાઈ શુક્લ (ટ્રસ્ટી,SSSG), શ્રી પંકજભાઈ પૂરોહિત અને શ્રી હરદીપભાઈ પાઠક જે બંને કારોબારી સભ્યો છે એમણે કાર્યક્રમની સુંદર વ્યવસ્થા કરી હતી. મંત્રીશ્રી યોગેશભાઈ શુક્લે પ્રારંભિક સંદેશો પ્રમુખ શ્રી ધ્રુવભાઈ જોષીનો સંભળાવીને પોતાના ટૂંકાક્ષરી પણ સચોટ પ્રવચન દ્વારા કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. વિશેષ શ્રી વિજયભાઈ ઉપાધ્યાય જે આદર્શ વડીલ તરીકે ગણાય એમણે આખા કાર્યક્રમને જીવંત બનાવી દીધો હતો. કુલ લગભગ ૩૦ નજીક ગીતો પ્રદર્શિત થયા હતાં. શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી દરેક ગીતોને વધાવી લીધાં હતાં.

ભાગ લેનાર દરેક સંગીત રસિકોને એક સુંદર પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. સો ઉપર શ્રોતાઓની હાજરીમાં આવો થોડો બિન સંગઠિત પણ અત્યંત સફળ કાર્યક્રમ યોજાય, સાથે ઉત્તમ ભોજન વ્યવસ્થા અને સતત ચા-કોફી- પાણી ની સગવડ, ઉપરાંત હાજર રહેનારા દરેક શ્રી સભ્યોના મોજીલા મન થકી કાર્યક્રમ આખી રાત ચાલુ રહ્યો હતો તોપણ દરેકને મંજૂર હોય એવો માહોલ ઉભો થયો હતો.

ભવિષ્યમાં થોડા મોટા પાયે આવા કાર્યક્રમો થાય એની માંગ પણ ઊઠી છે. એ બાબતે અમે ટ્રસ્ટી મંડળે નોંધ લીધી છે. આભાર..









## શ્રીગૌડ સાડત્રીસ સમાજ
## સતત ૧૨મુ વર્ષે કિટ વિતરણ નું કામ પૂર્ણ થઈ ગયું છે.

પંખી જલ પીયા કરે,ઘટે નવ સરિતા નીર.
ધર્મ કરે ધન ન ઘટે , સહાય કરે રઘુવીર.

માતાજી ની કૃપાથી સ્વ.શાન્તાબેન ભાઈલાલભાઈ જોષી અન્નપૂર્ણા સહાય યોજના --- 2026 માં ચાલુ વર્ષે પણ સમાજ દ્વારા આર્થિક રીતે નબળા હોય તેવા આપણાં સમાજ ના 29 પરિવાર ને અન્નપૂર્ણા સહાય આપવા માં આવેલ છે.

(આપ ના ધ્યાનમાં સમાજ ના કોઈ પરિવાર ને જરૂરિયાત હોયતો મને વ્યક્તિ ગત જાણ કરશો) સ્વ .શાંતાબેન ભાઈલાલભાઈ જોષી અન્નપૂર્ણા સહાય ની એક કીટ ની અંદાજીત કિંમત 13000 /- રૂપિયા થશે (13000 ની મર્યાદામાં અનાજ ની કીટ આપવામાં આવેલ છે) અન્નદાન એ મહાદાન છે આ યોજના માટે સમાજ ના સભ્યો તરફથી દાન પ્રાપ્ત થયું છે . આ ઉમદા કાર્ય માટે દાન આપનાર દાતાશ્રી

| | | |
|---|---|---|
| 1 | 13000 | સ્વ.પ્રદ્યુમનભાઈ ભલાશંકર જોષી હસ્તે હૃદય પ્રશાંતભાઈ જોષી |
| 2 | 13000 | સ્વ.ભગવતીબેન પ્રદ્યુમનભાઈ જોષી હસ્તે ચૈતાલી હૃદયભાઈ જોષી |
| 3 | 13000 | હરીકૃષ્ણ વશરામભાઈ પટેલ |
| 4 | 26000 | સમાજના એક જ્ઞાતિ બંધુ તરફ થી |
| 5 | 13000 | લત્તાબેન જગદીશચંદ્ર જોષી, નડિયાદ |
| 6 | 13000 | સ્વ આરવી વલય રાજગોર હસ્તે.ભરતભાઈ જી.રાજગોર કેનેડા |
| 7 | 13000 | સ્વ.બિજેન્દ્રભાઈ & સ્વ.કલ્પનાબેનના સ્મરણાથે હ. તૃષ્ણાલભાઈ બી પંડયા. કેનેડા |
| 8 | 13000 | સ્વ.પ્રફુલ્લચંદ્ર & સ્વ. વિણાબેન ના સ્મરણાર્થે હ. અક્ષયકુમાર પી. પંડયા અમદાવાદ |
| 9 | 13000 | પુષ્પાબેન રજનીભાઈ જોષી, અમદાવાદ |
| 10 | 26000 | વિદેશ માં રહેતાં જ્ઞાતિ બંધુ તરફથી |
| 11 | 2001 | મીનાક્ષીબેન કૌશિકભાઈ જોષી, વડોદરા |
| 12 | 13000 | વિદેશમાં રહેતાં જ્ઞાતિ બંધુ તરફથી |
| 13 | 15000 | ભૂપેશભાઈ વિનોદચંદ્ર દવે અમદાવાદ |

અન્નપૂર્ણા સહાય યોજના માં દાન આપનાર દાતાશ્રી ના તથા કીટ વિતરણ માં સહકાર આપનાર - મહેશભાઈ પંડયા, મહુધા -આણંદ, પ્રશાંતભાઈ જોષી, અમદાવાદ, વિશાલભાઈ પાઠક, વડોદરા, વિભાકરભાઈ વ્યાસ, પેટલાદ- કાવિઠા- ભેટાશી- દંતાલી, ડૉ હિરેનભાઈ જોષી, નડિયાદ - ખેડા - ઉત્તરસંડા મુકામે કીટ વિતરણ કરેલ છ .દાન આપનાર સૌ દાતાશ્રીનો તથા સહકાર આપનાર સૌ સભ્યો નો ખુબ ખુબ આભાર

**વિભાકરભાઈ જે.વ્યાસ (પ્રમુખ)**
**જીજ્ઞેશ બી. પંડિત (મહામંત્રી), મહેશભાઈ આર પંડ્યા (ઉપ પ્રમુખ/કન્વીનર)**

# સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત તથા શ્રીગૌડ સાડત્રીસ સમાજ વનિતા વૃંદ દ્વારા સમાજ ની બહેનો તથા દિકરીઓ માટે મેડિકલ કેમ્પ



સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત તથા શ્રીગૌડ સાડત્રીસ સમાજ વનિતા વૃંદ દ્વારા સમાજ ની બહેનો તથા દિકરીઓ માટે મેડિકલ કેમ્પ તારીખ 9 સપ્ટેમ્બર 2026 ને બુધવાર ના રોજ અમદાવાદ મુકામે આયોજન કરવામાં આવેલ હતું.

આ મેડિકલ કેમ્પ માં આશીર્વાદ ફાઉંડેશન દ્વારા બ્રેસ્ટ કેન્સર જાગૃતિ કાર્યક્રમ અને મેમોગ્રાફી ટેસ્ટ તથા પેપ સ્મિયર ટેસ્ટ (pap smear) અંગે સૌપ્રથમ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ મેડિકલ કેમ્પ માં સમાજ ની 24 બહેનો તથા દીકરીઓએ ભાગ લઈ મેડિકલ રિપોર્ટ કરાવેલ છે. આ ટેસ્ટ (રિપોર્ટ) બીજી કોઈ લેબોરેટરી માં કરવામાં આવે તો 3,000 થી 4,000 રૂપિયા જેટલો ખર્ચ થાય છે જ્યારે સમાજ દ્વારા આ મેડિકલ કેમ્પ નું નજીવી કિંમત 200 રૂપિયા માં ખુબ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. બહેનો અને દીકરીઓ માટે ચા અને ગરમાગરમ નાસ્તાની વ્યવસ્થા પણ સમાજ દ્વારા કરવામાં આવી હતી.

આ મેડિકલ કેમ્પ ની સફળતા માટે ડૉ.નિકિતાબેન જોષી, લીનાબેન શુક્લા, પારૂલબેન દવે, કૃપાબેન પાઠક તથા મેડિકલ કેમ્પમાં ભાગ લેનાર સર્વ બહેનોનો તથા દીકરીઓનો ખુબ ખુબ આભાર.

આ મેડિકલ કેમ્પ માં ડૉ.પ્રશાંતભાઈ જોષી , જીજ્ઞેશભાઈ પંડિત, દિગીશભાઈ દવે, નુપુરભાઈ દવે તથા ચિંતનભાઈ ધ્રુવા ઉપસ્થિત રહ્યા હતાં.

આગળ પણ સમાજ દ્વારા આવા સુંદર આયોજન કરવા માં આવશે.

સહકાર આપનાર સૌ જ્ઞાતિ બંધુઓનો તથા આશીર્વાદ ફાઉંડેશન નો પણ ખુબ ખુબ આભાર.

પ્રમુખ, શ્રી ધ્રુવકુમાર જોશી
સમસ્તશ્રીગૌડ સમાજ, ગુજરાત

પ્રમુખ, શ્રી વિભાકરભાઈ વ્યાસ
શ્રીગૌડ સાડત્રીસ સમાજ

# FREE MAMMOGRAPHY CAMP





વનિતા વૃંદ ની બહેનો,

શ્રીગૌડ સાડત્રીસ સમાજ ના સભ્યો,

આશીર્વાદ ફાઉંડેશન માં યોજેલ "Free Memography camp" માં ૧૧ બહેનો એ ભાગ લીધેલો (age group 43 to 65). camp ની શરૂઆત બ્રેસ્ટ કેન્સર એન્ડ cervical કેન્સર અવેરનેસ ના presentation (અર્ચનાબેન આશીર્વાદ ફાઉંડેશન) થી થઈ. ત્યાર બાદ બધી બહેનો ની મેમોગ્રાફી પરીક્ષણ કરવામાં આવ્યું.

આ કાર્યક્રમ ના સૂત્રધાર તરીકે હું Dr. Nikita Joshi આજે સંતોષ ની લાગણી અનુભવું છું. જે મેડિકલ ચેક અપ સેવા યજ્ઞ માટે ના પ્રયત્નો નું લગભગ ૧ વર્ષ કરતા વધારે સમય (Dr. Anjnaben Chauhan ના વ્યાખ્યાન સમય થી) થી કરતી હતી એની આટલી સરસ શરૂઆત આજે આશીર્વાદ ફાઉંડેશન માં ના મેમોગ્રાફી camp થી થઈ.

આજ ના આ કાર્યક્રમ ના સફળ આયોજન માટે ૧૧ બહેનો કે જેમની ઉપસ્થિતિ થી આ કાર્યક્રમ શક્ય બન્યો.

સમાજ ના મંત્રી શ્રી જીગ્નેશભાઈ પંડિત, Dr. પ્રશાંતભાઈ જોષી, રાજેન્દ્રભાઈ જોશી, દિગીશભાઈ દવે જેમની મદદ થી આ કાર્યક્રમ smooth રીતે સમ્પન્ન થયો. તેમજ વનિતા વૃંદ ના શ્રી સંવિદાબેન પંડ્યા તેમજ સંગીતાબેન પંડ્યા નો તેમના motivation માટે, સમાજ ના પ્રમુખ વિભાકરભાઈ તેમજ ભૂપેશભાઈ દવેનો આભાર માનું છું.

મારા સ્પેશ્યલ એન્ડ દિલ થી સન્માન ભાવિશા બેન ભટ્ટ ને છે કે જેઓ સવારે ખાસ સુરત થી આ કેમ્પ માટે આવ્યા. સૌનો આભાર

Regards

નિકિતા જોશી.

# શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ , વડોદરા.







શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ , વડોદરા અને મંડળની મહિલા પાંખ ના સંયુક્ત ઉપક્રમે પ્રથમ વખત મંડળના પરિવારજનોને એમની વિવિધ કલાશક્તિ ઉજાગર કરવાની તક આપતાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન તા.૬/૯/૨૦૨૬ ને રવિવારે વાલમ બ્રાહ્મણ હૉલ,હરણી ખાતે કરવામાં આવ્યું હતું .

આ કાર્યક્રમની શરૂઆત મંડળની હરણી વિભાગની ભગિનીઓ ના ડિવાઈન ગ્રુપ દ્વારા સુંદર શ્રીગણેશ વંદના નૃત્ય અને શ્રી મહાલક્ષ્મી માતાજીની સ્તુતિ કરી ઉપસ્થિત વયોવૃધ્ધ સભ્યશ્રી પ્રધ્યુમનભાઈ દવે અને કૌશિકભાઇ પુરોહિત થકી દીપ પ્રગટાવી કરવામાં આવ્યું હતું.

મહિલા પાંખના પ્રમુખ શ્રીમતિ મિતુબેન દવે અને ટ્રસ્ટના પ્રમુખશ્રી જયેન્દ્ર દવે એ સ્વાગત પ્રવચન કર્યું હતું અને આજના ઐતિહાસિક પ્રથમ કાર્યક્રમ અંગેની માહિતી આપી હતી જયારે વાઘોડિયા ગ્રુપની બહેનોએ આકર્ષણ જમાવતું સ્વાગત નૃત્ય રજૂ કર્યું હતું.

આ કાર્યક્રમમાં મહિલાઓના વિવિધ ગ્રુપ જેમકે સિનિયર સિટીઝન, રૂમઝુમ ફિફ્ટી ગોરવા, જાનવિકા સમા , ભાયલી વિભાગ , ગોરવા વિભાગ , મહિલા પાંખ અને માંજલપુર વિભાગ દ્વારા વિવિધ રંગારંગ સામુહિક નૃત્ય જેવાકે ગરબા , ઈન્ડો વેસ્ટર્ન ડાન્સ , રણછોડ રંગીલા ડાન્સ , રેક્ટ્રો ડાન્સ , બે નાટક , અને અંતે ઉપસ્થિત સૌ એ કપલ ડાન્સ તેમજ અન્ય સદસ્યોએ ગીતો રજૂ કરી ભવ્યાતિભવ્ય આ કાર્યકર્મ ને સુનહરી સફળ બનાવ્યો હતો.

આ પ્રાયોગિક રીતે યોજાયેલ પ્રથમ કાર્યક્રમના શિલ્પકાર મહિલા પાંખના પ્રમુખ મિતુબેન શુક્લ , મંત્રી આરતીબેન દવે , ટ્રસ્ટીઓ , કાર્યક્રમમાં ભાગ લેનાર સર્વે ભગિનીઓ અને સભ્યો એ ભારે જહેમત ઉઠાવી પરિશ્રમ કરી સૌ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત પરિવારજનોને મંત્રમુગ્ધ કરી સદૈવ સ્મૃતિપટલ પર અંકિત કરી સફળતાના સહયોગી બન્યા હતાં. કાર્યક્રમમાં ભાગ લેનાર સૌને મંડળ તરફથી સ્મૃતિ ચિન્હ આપવામાં આવેલ. અંતે મંડળ દ્વારા આયોજિત ભોજન વ્યવસ્થા ને સૌએ હર્ષિલ ભાવે સ્વીકારી કાર્યક્રમની સ્મૃતિઓને વાગોળતાં વાગોળતા વિખુટા પડી ઘર તરફ પ્રયાણ કર્યું.

| | |
|---|---|
| શ્રી મનોજ શુકલ | શ્રી જયેન્દ્ર દવે |
| મંત્રી | પ્રમુખ |

# શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ , વડોદરા.

કુળદેવીશ્રી મા મહાલક્ષ્મી માતાજીના પ્રસ્થાપિત દિન ભાદરવા સુદ - નોમ ના દિવસે શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ , વડોદરા દ્વારા તા.૨૦/૦૯/૨૦૨૬ ને રવિવારે ઉજવણી નિમિત્તે નવચંડી યજ્ઞનું આયોજન ડભોઇ દશાલાડ ભવન , વડોદરા ખાતે કરવામાં આવ્યું હતું.

નવચંડી યજ્ઞ નો પ્રારંભ સવારે ૮=૦૦ વાગે પૂજન વિધી થી શરૂ થઈ સંધ્યા કાળે ૫=૩૦ વાગે પૂર્ણાહુતિ કરી ધાર્મિક સૌહાર્દ ભર્યાં વાતાવરણમાં સંપન્ન થયો હતો.

મંડળના વરિષ્ઠ સભ્ય અને ભૂતપુર્વ પ્રમુખશ્રી વિનાયકાંત શુક્લ એ ધર્મપત્ની સ્વ.કુમુદબેન શુક્લ ના સ્મરણાર્થે મહાપ્રસાદ પેટે અને કેનેડા સ્થિત શ્રી વિરેન્દ્રભાઈ શુક્લ ( સભ્યશ્રી હરેન્દ્રભાઈ શુક્લ ના લઘુબંધુ ) એ આજ એમના જન્મદિન નિમિત્તે સમગ્ર પૂજાવિધિ સામગ્રી પેટે તેમજ અન્ય ૨૭ સભ્યોએ સેવાભાવે શ્રીચરણમાં પૂર્ણ સહયોગ થકી અનુદાન અર્પણ કરી મંડળ માટે સૌ શ્રીકર્ણવીર બન્યા હતાં.

આ ભગીરથ કર્મમાં ટ્રસ્ટી મંડળના સભ્યશ્રીઓ શ્રી જયેન્દ્ર દવે , શ્રી મનોજ શુક્લ , શ્રી અસિત શુક્લ , શ્રી યોગેશ દવે, શ્રી પ્રશાંત પાઠક, શ્રી સૌમિલ શુક્લ, મહિલા પાંખના શ્રીમતિ મિતુબેન શુક્લ, શ્રીમતિ આરતીબેન દવે ઉપરાંત શ્રી જય શુક્લ એ સક્રિય રહી મા શ્રી ને સમયદાન ભેટ અર્પી યજ્ઞ કર્મને સફળ બનાવ્યો હતો. અંતે સૌના પ્રતિ પ્રત્યક્ષ કે પરોક્ષ સહયોગ સહકાર બદલ મંડળે આભાર વ્યક્ત કર્યો હતો.







# મહાલક્ષ્મીજી મંદિર, મધવાસ - પ્રાગટયોત્સવ સંપન્ન

ભા.સુ.નવમી (20/9/26)ના શુભ મુહૂર્તે મહાલક્ષ્મીજી નો પ્રાગટયોત્સવ રાજોપચાર પૂજન-અર્ચનથી આધ્યાત્મિક માહોલમાં 'ઊજાણી' સમાન બની રહ્યો. બહાર ગામથી આવેલ વતન પ્રેમી બ્રહ્મ બંધુઓ અને ગામના રહીશો મળીને 145 જેટલા મનોરથી દર્શનાર્થીઓ એ દર્શન-પ્રસાદ નો પાવન લાભ લઈ ને ધન્ય બન્યા.

આ સઘળી સફળતા આરસની મૂર્તિમાં બિરાજમાન મહાલક્ષ્મીજી પ્રત્યેની અપ્રતીમ આસ્થા ને શ્રેય આપી શકાય. સ્થાનિક ગામજનો કે જેમને પ્રત્યક્ષ તીર્થ ના' દર્શન ની અનુકૂળતા ન હોય , કામકાજ મા' અતિવ્યસ્ત હોય , સામાજિક કે વ્યાવસાયિક રોકાણો હોય તેથી ગામના દરેક ઘરે રુબરુ પ્રસાદ પહોચાડવાથી આયોજકો ની આત્મીયતા નો અનુભવ થયો.

પ્રસાદ ના મગસના લાડુ' શામળાજીથી ખાસ મંગાવેલ હતા. ( જે શામળાજી મંદિર મા' રુ=15 ની ભેટથી એક લાડુ પ્રસાદ મળે છે) તેથી આ પ્રસાદ મા' મહાલક્ષ્મીજી ની સાથે સાથે શામળાજીની પ્રસાદીનો બેવડો પુણ્ય લાભ ગામજનોને પ્રાપ્ત થયો છે.

આવાં આવકાર્ય ધાર્મિક કાર્યોની પ્રેરણા અવિરત બને અને બેવડાય તેવી મધવાસ તીર્થ ધામના બધા દેવોને વંદન સહ પ્રાર્થના.

જય મહીસાગર











# શ્રીગૌડ જ્ઞાતિ જીર્ણ પક્ષ (૧૩૫) દશગામ પંચ, કાલોલનો
# શ્રી મહાલક્ષ્મી માતાજી પ્રાગટ્યોત્સવ



શ્રી મહાલક્ષ્મી માતાજી મંદિર, કાલોલ ખાતે ભાદરવા સુદ નોમ અને તારીખ ૨૦/૯/૨૬, રવિવાર ના રોજ નવચંડી યજ્ઞનું આયોજન, માતાજીના પ્રાગટ્યોત્સવ દિન નિમિત્તે કરવામાં આવ્યું હતું.

માં મહાલક્ષ્મી કુળદેવીનો પ્રાગટ્યોત્સવ હોય અને કયો શ્રી બંધુ એની નોંધ ન લે.? સવારે આઠ વાગ્યાથી ભાવિકોની ભીડ વચ્ચે યજ્ઞ સમારંભનો પ્રારંભ થયો હતો. શુધ્ધ મંત્રોચ્ચાર, પવિત્ર જગ્યા અને કુળદેવી માટેની ભાવના બધું ભેગું થતાં વાતાવરણ ના સ્પંદનો જ જાણે બદલાઈ ગયાં હોય એમ લાગતું હતું.

ભાવિકોની સતત ભીડ વચ્ચે આયોજન મુજબ જ કાર્યક્રમ ચાલતો રહ્યો. મહાલક્ષ્મી મંદિરનું નવીનીકરણ કરવામાં આવ્યું છે એ નિમિત્તે દિવંગત ભાનુપ્રસાદ પંડ્યા (KJIT, સાવલીવાળા) ના પરિવાર થકી મોટો વાસ્તવિક સહયોગ પ્રાપ્ત થયો છે. આ પ્રસંગે એક તકતીનું અનાવરણ કરવામાં આવ્યું હતું. પંડ્યા પરિવારના અન્ય સ્વજનો પણ આ પ્રસંગે હાજર રહ્યાં હતાં.

સાંજે ૩૫૦ ઉપર માણસોની હાજરી વચ્ચે નવચંડી યજ્ઞની પુર્ણાહુતી કરવામાં આવી. ભાવ વિભોર ભાવિકો વચ્ચે, આરતીનું વાતાવરણ એક જીવંત આધ્યાત્મિકતા ઊભી કરી દેતું હતું. પુર્ણાહુતી બાદ મહાપ્રસાદ લઈ સૌ ભાવિકોએ વિદાય લીધી.

ખરેખર આવા ધાર્મિક પ્રસંગો હંમેશા સાત્વિકતા અને અદૃશ્ય પ્રેરણા આપનારા જ ગણાય.

- રાજેશ પંડ્યા 'રાજ'



# સફળ કરિયર ઓપોર્ચ્યુનિટી સેમિનાર

સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત ના ઉપક્રમે તા.૨૦/૦૯/૨૦૨૬, રવિવાર ના રોજ નિષ્ણાત અને અનુભવી માર્ગદર્શક એવા કારોબારી સભ્યો શ્રી વર્ષીલભાઈ શુક્લ અને શ્રી જીગ્નેશભાઈ પંડિત દ્વારા TATA AIA ઈન્સ્યોરન્સ કંપનીના સહકારથી સમાજના સભ્યો માટે કરિયર ઓપોર્ચ્યુનિટી વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કરિયર ઓપોર્ચ્યુનિટી સેમિનારમાં સમાજના સભ્યો તરફથી મળેલો ઉત્સાહ અને પ્રતિસાદ ખૂબ જ સરાહનીય રહ્યો. તેમાં અમદાવાદ, વડોદરા, વિરમગામ, ડાકોર, જુનાગઢ અને સુરતમાંથી 26 જેટલા સભ્યોએ રજીસ્ટ્રેશન કરાવીને ભાગ લીધો હતો.

કેરિયર અપર્ચ્યુનિટી કાર્યક્રમમાં વીમા કંપનીમાં કારકિર્દી અંગે ખૂબ વિસ્તૃત અને ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી. આ વેબિનારમા સભ્યોને પોતાના વ્યવસાય અથવા જોબ સાથે ઈન્સ્યોરન્સ ક્ષેત્રે નવી સંભાવનાઓને સમજવાની અને ભવિષ્ય માટે નવી દિશા તરફ આગળ વધવાની એક સુંદર શરૂઆત કરી શકાય એના વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સેમિનાર માત્ર એક કાર્યક્રમ નહોતો, પરંતુ નવી સંભાવનાઓને સમજવાની અને ભવિષ્ય માટે નવી દિશા તરફ આગળ વધવાની એક સુંદર શરૂઆત હતી. બીજ જેમ વટવૃક્ષ બને છે, તેમ કેરિયર ઓપોર્ચ્યુનિટી સેમિનારની નાની શરૂઆત પણ આપણાં સતત પ્રયત્નો અને સહકારથી એક દિવસ વિશાળ અને વિકસિત સ્વરૂપ ધારણ કરશે.

આ કાર્યક્રમને સમાજના સભ્યોએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લઈને સફળ બનાવ્યો હતો એ માટે ભાગ લેનાર દરેક સભ્યોને ખૂબ ખૂબ અભિનંદન. જેઓ આ વેબીનારમા જોડાઈ શક્યા નથી, તેમના માટે પણ આવી તક ભવિષ્યમાં ઉપલબ્ધ રહે તેવું આયોજન કરવા પ્રયત્નશીલ રહીશું. સમાજના ભાઈ-બહેનોને આર્થિક ઉપાર્જનની વિવિધ તકો અંગે સમજ અને માર્ગદર્શન આપવા ઉપરાંત, તેમને હેન્ડ હોલ્ડિંગ દ્વારા સતત સહયોગ આપવાનો શ્રી વર્ષીલભાઈ શુક્લ અને શ્રી જીગ્નેશભાઈ પંડિતનો નિર્ધાર અત્યંત પ્રશંસનીય છે. સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત તેમનો તથા TATA AIA ઈન્સ્યોરન્સ કંપનીનો ખૂબ ખૂબ આભારી છે.

ધ્રુવ જોશી — પ્રમુખ
યોગેશ શુક્લ — મંત્રી

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત**







ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રતિનિધિ તરીકે શ્રી ચેતન શુક્લ ચેનમ દ્વારા માઈધર-ભાવનગર ખાતે યોજાયેલ 'નિબંધ શિબિર'માં દીપ પ્રાગટ્યથી લઈને પૂર્ણાહૂતિ વક્તવ્ય સુધી હાજર રહીને 25 જેટલા શિબિરાથીને પ્રોત્સાહન પૂરું પાડ્યું. આ શિબિરના પ્રશિક્ષક પ્રા. મહેન્દ્રસિંહ પરમાર અને સંયોજક ધર્મેન્દ્ર ત્રિવેદી હતા.






॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ જય શ્રી પરશુરામ ॥ ॥ શ્રી મહાલક્ષ્મી નમઃ ॥

# સમસ્ત શ્રીગૌડ બ્રહ્મસમાજ-ગુજરાત

## શ્રીગૌડ શુભેચ્છક મંડળ-ગૃહસ્થ પક્ષ નાનુ તડ, ગોધરા એકમ

કાર્યાલય : સી/૩૧, આનંદનગર સોસાયટી, સાયન્સ કોલેજ પાછળ, ગોધરા, જી. પંચમહાલ

ગૃહસ્થ પક્ષ નાનુ તડ
ગોધરા એકમ

| મહામંત્રીશ્રી | પ્રોજેક્ટ કન્વીનરશ્રી | પ્રમુખશ્રી |
|---|---|---|
| હેમંતભાઈ ચંદુલાલ ઉપાધ્યાય | મનોજકુમાર વાસુદેવ જોષી | નિતેશકુમાર રમેશચંદ્ર દવે |
| મો. ૮૩૨૦૧૨૦૧૮૧ | મો. ૯૪૨૬૩ ૬૨૫૨૭ | મો. ૯૯૦૯૦ ૧૭૭૧૦ |


જય મહાદેવ સહર્ષ જણાવવાનું કે તારીખ 30-8-2026 ને રવિવારના રોજ ગોધરા મુકામે શ્રીગૌડ શુભેચ્છક મંડળ ગૃહસ્થ પક્ષ નાનું તડ, ગોધરા એકમ દ્વારા પ્રતિવર્ષની જેમ તેજસ્વી તારલાઓનું સન્માન તથા સ્નેહમિલન નો કાર્યક્રમ અંકલેશ્વર મહાદેવ ગોધરા ખાતે રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત રાજ્યના પ્રમુખ શ્રી ધ્રુવભાઇ જોષી તથા કારોબારી સભ્ય શ્રી હરીશભાઈ ઉપાધ્યાય કાલોલ, શ્રી કિરીટભાઇ જોષી શહેરા, શ્રી કકુલભાઈ પાઠક પંચમહાલ જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ પ્રમુખ, શ્રી વિનાયક ભાઈ શુક્લ વિગેરે મહેમાનોએ હાજરી આપી કાર્યક્રમમાં શોભા વધારી હતી. કાર્યક્રમમાં ઉપરોક્ત મહેમાનો ઉપસ્થિત રહેવાથી કાર્યક્રમની શોભા વધી ગઇ હતી. કાર્યક્રમનું સંચાલન કન્વીનર શ્રી મનોજભાઈ જોષી એ કર્યું હતું. કાર્યક્રમ સફળ બનાવવાનું મોટું યોગદાન શ્રી ગોપાલભાઈ ઉપાધ્યાય નું રહ્યું હતુ તેમ જ કાર્યક્રમની વ્યવસ્થા સફળતાના યશ ભાગી શ્રી દુર્ગેશ જોષી, નયનભાઈ જોષી, સંજયભાઈ જોષી, મેહુલભાઈ સોડા વાળા(જોષી), ધર્મેન્દ્રભાઈ જોષી તથા મંડળના પ્રમુખ શ્રી નિતેશભાઇ દવે એ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કન્વીનર શ્રી મનોજભાઇએ પોતાના વક્તવ્યમાં ગોધરા ખાતે સમૂહ જનોઇ યોજવા માટે સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત રાજ્યના પ્રમુખશ્રી ને ઇચ્છા વ્યક્ત કરી હતી જેને પ્રમુખશ્રી તથા હરીશભાઈ ઉપાધ્યાય અને મંચસ્થ મહાનુભાવો એ સંમતિથી હર્ષથી વધાવી હતી સભામાંથી પણ સર્વે સંમતિ દર્શાવતા ગોધરા ખાતે શ્રીગૌડ સમાજ દ્વારા સમૂહ યજ્ઞોપવિત રાખવાનું નક્કી કરેલ છે. કાર્યક્રમને સફળ બનાવવામાં આર્થિક યોગદાન ગોધરા નિવાસી શ્રી ભાવિનભાઈ જીતેન્દ્રભાઈ પંડ્યા ( નિવૃત્ત જર્જ ) તથા દીવાકર ભાઈ શુક્લ, ગીરીશભાઈ જોષી, નિખિલભાઇ જોષી નું યોગદાન આવ્યું હતુ તેથી કાર્યક્રમ સફળ અને ભવ્ય રહ્યો હતો. શ્રીગૌડ સમાજ શુભેચછક ગૃહસ્થ પક્ષ નાનું તડ ગોધરા એકમ યોગદાન આપનારનો ખુબ ખુબ આભાર માને છે. કાર્યક્રમના અંતે શ્રી હરીશભાઈએ યજ્ઞોપવિત સફળ બનાવવા યોગ્ય બધી જ સહાય કરવાની તથા સંપૂર્ણ માર્ગદર્શન આપવાની વાત કરી હતી અંતમાં શ્રી ધ્રુવભાઇ જોષી પ્રમુખશ્રીએ પ્રસંગને અનુરૂપ ઉદ્બોધન તથા યજ્ઞોપવિત માં યોગ્ય સહકાર આપવા ખાત્રી આપી હતી. ત્યારબાદ આવેલા મહેમાનો તથા શ્રીબંધુઓએ સાથે પ્રીતિ ભોજન લીધું હતું અને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી દરેકે પોતાના સ્વગૃહે પ્રસ્થાન કર્યું હતું.

આભાર

હેમંત . ચ . ઉપાધ્યાય .

મહામંત્રી

શ્રી હેમંત (ગોપાલ) ચંદુલાલ ઉપાધ્યાય








# "મિસ કેરેજ"



સુનીલ રડતો રડતો ગાયનેક હોસ્પિટલના ઝાંપે આવ્યો. પોતાની જાતને એકલો માનવા લાગ્યો. શર્ટની બાંયથી આંસુ લુંછીને ફરી અસમંજસ વિચારોમાં ખોવાઈ ગયો.

છૂટક મજૂરી કરી ગુજરાન ચલાવતો પણ દિલનો અતિ ભલો- ભોળો એવા સુનીલની પત્નીને પિયરથી કહેવામાં આવ્યું કે બાળક રહે તો પ્રાઈવેટ હોસ્પિટલમાં જ પહેલેથી સારવાર કરાવવી.સરકારી હોસ્પિટલમાં નહિ.

સુનીલની આવક ઓછી, કુટુંબના સભ્યો એક સો રૂપિયા ના હિસાબ માટે બે કલાક લડે એવા પાકા, સાસરી સાવ ગરીબ પણ પારકે ભાણે મોટો લાડુ ખાય એવી અને પત્ની સાચા બોલી.રોજના ઝઘડાંથી કંટાળી એક નાના સરખાં રૂમમાં એ ભાડે અલગ રહેવા લાગ્યો. ગરીબ માણસની તકલીફો ગરીબની નજરથી હ્રદય સાથે જુઓ તો ખબર પડે.પતરાવાળી ઓરડી અને એક પંખો ..અતિશય ગરમી ..રાતે બે વાગે ઉંઘ આવે.. વહેલા સવારે જોડેની ઓરડી વાળી સુનીલની પથારી વચ્ચે પડે એટલે પાણી ઢોળે..રોજના ઝઘડાં.. દિવસે અત્યંત મહેનત સામે વળતર ખાસ કંઈ ના મળે અને ઘેર અશાંતિ.

સુનીલની પત્નીને સારા દિવસો રહ્યાં.બંને પતિ-પત્ની રાજી થઈ ગયાં. પ્રાઈવેટ હોસ્પિટલમાં નામ નોંધાયું.લેડી ગાયનેકે પહેલાં દિવસથી આ ભોળા માણસોને એટલા બાનમાં લીધા કે આ લોકો સોનોગ્રાફી,મેડિકલ રિપોર્ટ..વગેરે સાથે પાંચ હજાર રૂપિયા આપી દીધાં. દર અઠવાડિયે અને વચ્ચે દુ:ખાવો થાય ત્યારે ચારસો રૂપિયા જુદાં લે. ફ્રૂટ્સ,
સૂકોમેવો,દુધ,વિટામિન્સ જેવી ખર્ચાળ વસ્તુઓ લેવાનું ફરજિયાત બનાવ્યું.

આધુનિક ગાયનેકને નહોતી ગરીબીની ખબર કે નહોતી સામેના વ્યક્તિની આર્થિક સ્થિતિની.કઢી રોટલો ખાનાર વ્યક્તિઓને મજાક બનાવી દીધાં. ભારે ગોળીઓ આપે. સુનીલની પત્ની રીટા ખર્ચા કારણે માનસિક રીતે એટલી પડી ભાંગી કે પ્રેશર અપ ડાઉન જ રહે. ડોક્ટર પાસે જાય એટલે જુદી ગોળી લખી આપે.

ચાર મહિનામાં તો ઘરમાં રૂપિયાની અછત આવી ગઈ.એક રાતે રીટા બાથરૂમ જવા ઉભી થઈ.ચક્કર આવતા સીધી પડી. દુ:ખાવો થતાં દવાખાને લઈ ગયાં. દાખલ કરી. તાત્કાલિક ઓપરેશન કર્યુ. બધું સાફ કરી નાંખ્યું.બિલ વીસ હજાર થયું. બાળક ગયું, રૂપિયા આપવાના થયાં,પાસે એક રૂપિયો નહિ, કોઈની મદદની આશા નહિ એટલે સુનીલ ધ્રુસકે ચઢ્યો.

ત્યાં પાછળથી કોઈએ એના ખભે હાથ મુકયો. સુનીલે થોડા દિવસ પહેલાં જે ઘેર કલરકામ કર્યું હતું એ રાકેશભાઈ હતાં.એ બોલ્યાં " જો મારી પત્ની અવસાન પામી ત્યારે મેં કોઈ વિધિ વિધાન પાછળ વધારે રૂપિયા બગાડ્યા નથી. પત્નીની ઈચ્છા હતી કે કોઈ જરૂરિયાતમંદની જરૂરિયાત પૂરી થાય એ એક વિધિ જ છે. તમારે ચાણોદ જવાની જરૂરિયાત જ નથી. આ વીસ હજાર છે એ લઈ હોસ્પિટલમાં આપી પત્નીને ઘેર લાવી દે.ફરી દવાખાને જવાનું થાય તો 'મા કાર્ડ' વાળી હોસ્પિટલમાં જજે. આ પ્રશ્ન ઉભો નહિ થાય."

સુનીલ જાહેરમાં રાકેશભાઈના પગ પકડી કાલી ભાષામાં આશીર્વાદ આપતાં આપતાં રોવા લાગ્યો.. રાકેશભાઈ આકાશ સામું જોઈ પત્નીને યાદ કરવા લાગ્યાં.લેડી ડોક્ટર એની નવી નકોર કાર લઈ જોરજોરથી હોર્ન વગાડતી એકદમ ઝડપથી હોસ્પિટલની બહાર નિકળી ગઈ.■

-રાજેશ પંડ્યા - 'રાજ', તંત્રીશ્રી અને સહમંત્રી

## સમસતશ્રી ગૌડ સમાજ, ગુજરાત દ્વારા આયોજિત ટૂંકી વાર્તા લેખન સ્પર્ધાના પ્રથમ વિજેતા શ્રી પંકજભાઈ પુરોહિત, આણંદની વિજેતા વાર્તા.

# વહેણ



પંકજ પુરોહિત 'સારંગ'

"સર, રિલેટિવ સ્પીડની થિયરી ગોખી નાંખી છે એટલે એક્ઝામમાં વાંધો નહીં આવે. પણ એકવાર ફરીથી સમજાવશો પ્લીઝ ?" છેલ્લી બેન્ચ ઉપર બેઠેલી આરવીએ હિંમત એકઠી કરી પૂછી લીધું.

તેની આંખોમાં સીધું તાકતાં પ્રોફેસર યશપાલ સપાટ સ્વરે બોલ્યા, "થિયરી ગોખી લીધી છે તો હવે ફરીથી કેમ સમજવું છે ?"

આખા ક્લાસની નજર હવે આરવી તરફ હતી. થોડું ઝંખવાઈને ખચકાતાં એ બોલી, "સ...ર કોન્સેપ્ટ ક્લિયર થઈ જાય તો લખવામાં કોન્ફિડન્સ રહે એટલે."

ઉત્સાહભેર તાળીઓ પાડતાં પ્રોફેસર બોલ્યા, "ગ્રેટ. આ ખરા વિદ્યાર્થીનું લક્ષણ છે. હું તારી જ્ઞાન પિપાસાની કદર કરું છું. તારા ફુલ સ્કેપ ચોપડાનું એક પેજ ફાડીને એમાંથી એક પ્લેન બનાવ. ક્વિક."

"ઓકે સર."

"નિરવ, તારી ડાયરીમાંથી એક પેજ ફાડીને પ્લેન બનાવ."

"જી. સર."

બેમાંથી મોટું પ્લેન પકડેલો ડાબો હાથ ઊંચો કરીને યશપાલ ક્લાસમાં ચાલતાં બોલ્યો, "મુંબઈ એરપોર્ટથી ઊપડેલી આ પેસેન્જર ફ્લાઇટની સ્પીડ પાંચસો નોટ્સ છે."

નાનું પ્લેન પકડેલો જમણો હાથ ઊંચો કરી ડાબાથી સ્હેજ આગળ લઈ જતાં બોલ્યો, "પાછળથી આઠસો નોટ્સની સ્પીડે આવતું આ ફાઈટર જેટ તેની ઓવરટેક કરે છે."

આરવી પાસે અટકીને પુછ્યું, "હવે જણાવો, પેસેન્જર ફ્લાઈટના સંદર્ભમાં ફાઈટર જેટની સ્પીડ કેટલી ?"

ઉત્તેજિત સ્વરે આરવી બોલી, "ત્રણસો નોટ્સ."

"કરેક્ટ. સો...? રેફરન્સ પોઈન્ટ સ્થિર ના હોય ત્યારે વપરાતો શબ્દ એટલે રિલેટિવ સ્પીડ. કોન્સેપ્ટ ક્લિયર ?"

"યસ સર."

ખુરશી પર બેસતાં યશપાલ બોલ્યો, "ફરીથી કહું છું, રટ્ટા મારીને ટોપર થવાય, સ્કોલર નહીં. તમારી આ કુતૂહલ વૃત્તિ, આ જ્ઞાન સાધના જીવંત નહીં રાખો તો આગળ જીવનમાં ડગલે ને પગલે લેવાનારી એક્ઝામમાં ફેઈલ થશો. એન્ડ આઈ હોપ કે મારા સ્ટુડન્ટ્સ જીવનની બધી જ કસોટીઓમાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરે."

એ જ સમયે તાસ પૂરો થવાનો બેલ વાગતાં પ્રો. યશપાલ ઊભા થઈ સ્ટાફ રૂમ તરફ ચાલ્યા. અભિભૂત અવસ્થામાંથી બહાર આવી વિદ્યાર્થીઓ કેમ્પસમાં વિખેરાયા. આરવી અને તેની અંગત સખી નિકીતા કેન્ટીન

તરફ ચાલ્યાં.

"યાર નિકી, યશપાલ સર ખરેખર ઑસમ છે કેમ ?"

"હા યા...ર. હું તો એમની ડ્રેસિંગ સેન્સ ઉપર ફિદા છું. ગુસ્સિનાં ક્લોથ્સ... એસિક્સના શૂઝ...હાય."

"હું સોમવારે એમને મળવાની છું."

"હા ભાઈ, મળો. તમે તો એમનાં માનીતાં સ્ટુડન્ટ છો."

"ઓ ડા'પણ. ડોક્ટરેટના ગાઈડ માટે સિલેક્શનમાં મને પ્રાયોરિટીમાં રાખે એટલે મળવું છે."

"ઓ...હો...તો તો પછી હેય ને ત્રણ વર્ષ સુધી મનગમતાં સરના સાન્નિધ્યમાં બસ... મેડમ મોજે દરિયામાં વહેશે !"

ગાલ ઉપર ઊતરી આવેલા શરમના શેરડાને પંપાળી રહેલી લટને હટાવતાં આરવી બોલી, "જા ને ચાંપલી."

કેન્ટીનમાંથી છૂટાં પડતાં નિકીતા બોલી, "આવતીકાલે સન્ડે. ક્લાસિસમાં આઠ વાગ્યાથી સાધના મે'મના એક્સ્ટ્રા અવર્સ છે યાદ છે ને ?"

"હાસ્તો, સતત ત્રણ રવિવાર ભર્યા પછી હવે થોડું ભુલાય ?"

"થેન્ક ગોડ આ લાસ્ટ છે. પણ કાલે તો વહેલાં ઊઠવું પડશે." બોલતાં નિકીતા નાટકિયું રડી.

"કાલે સીધા ક્લાસિસ પર મળીએ રાઈટ ? બાય."

"બાય. સી યુ."

બંને સખીઓ પોતપોતાનાં એક્ટિવા ચાલુ કરી ઘર તરફ વળી.

બીજા દિવસે સવારે પોણા આઠ વાગ્યે નિકીતાનો મોબાઈલ રણક્યો, "હલ્લો નિકી, સાધના મેડમે આજે ક્લાસ પોસ્ટપોન્ડ કર્યા છે. તો તું હવે નીકળતી નહીં."

"હાશ. થેન્ક્યુ આરી. યુ સેવ્ડ માય સન્ડે. બા...ય."

"હું અહીંથી તારાં ઘરે..." વાક્ય પૂરું થતાં પહેલાં સામેથી ફોન કટ થઈ ગયો.

'આ તો સૂઈ ગઈ. હવે ઘરે જ જાઉં. કૉફી સાથે વંચાશે.' વિચારતાં એક્ટિવા ઘર તરફ હંકાર્યું.

ગેટની બહાર એક્ટિવા મૂકી બારણાં પાસે આવીને એસિક્સના શૂઝ જોતાં આરવી ચમકી, 'યશપાલ સર ? અત્યારે અહીં ?' એટલામાં અંદરથી મમ્મીનો અવાજ સંભળાયો, "બેડરૂમમાં બેસો. કૉફી ત્યાં જ લાવું." ડોરબેલ તરફ જતો હાથ અટકી ગયો.

"અરે બેડરૂમમાં નહીં. અહીં જ."

આરવીના પગ તળેથી ધરતી ખસી ગઈ. ચક્કર આવતાં હોય એમ દિવાલને ટેકો દઈને એ ઊભી રહી ગઈ.

બે મિનિટ સન્નાટો છવાઈ ગયો. ફરીથી મમ્મીનો અવાજ આવ્યો, "લો, આજે પણ હમણાં અડધો કપ. છેલ્લે આખો મગ બરાબર ને ?" બોલી રહ્યાં પછી બંનેનું હાસ્ય સંભળાયું. આરવીના મગજ પર જાણે ઘણ પડી રહ્યા હતા. એ હળવે પગલે ખસીને ડ્રોઈંગ રૂમની ખુલ્લી બારીની બાજુમાં લપાઈને ઊભી રહી.

કૉફીનો ઘૂંટ ભરીને યશપાલ બોલ્યો, "સો...? આય'મ રેડી."

"સ્યોર ?" મમ્મીનો આ જવાબ સાંભળી આરવીનું હદય ધમણની જેમ ઊછળવા લાગ્યું.

"અફ કોર્સ યસ. પણ આજે વાતને હસી નાંખવાની નથી. હવે ફાઇનલ. રાઈટ ?"

"હા, હવે ગંભીરતાથી. આ એકલતાના બોજમાંથી મને બહાર કાઢ, ક્યાંક લઈ જા. ચાલને એક નવી

દુનિયા વસાવીએ."

"તું ક્યાં એકલી છો વ્હાલી ? હું તારી સાથે તો છું ?"

"આ રીતે છાનુંછપનું, બીતાં બીતાં મળીને હું કંટાળી ગઈ છું. ક્યાં સુધી મારે આમ તરસતાં રહેવાનું ?"

"બસ, આવતીકાલે મારા ડિવોર્સનું ડિસિશન આવી જશે. પછી..."

"પછી એક મિનિટ હું રોકાવાની નથી. બસ પછી હું... તમે... અને આ બંધનથી મુક્ત ખુલ્લું આકાશ." બોલતાં એ હસવા લાગી.

યશપાલ બોલ્યો, "આગળ ?"

"આગ...ળ ? હમ..."

"હમ..."

ભયંકર ગુસ્સાથી આરવી થર થર કાંપવા લાગી. એક ક્ષણ પણ અહીં રોકાશે તો હૈયું ફાટી જશે એવું લાગતાં એ ગેટ તરફ દોડી. ધ્રુસકે ધ્રુસકે રડતાં વિચારશૂન્ય અવસ્થામાં એણે એક્ટિવા પૂર ઝડપે નિકીતાના ઘર તરફ ભગાવ્યું.

નિકીતાના ઘરમાં પ્રવેશતાં જ, "આન્ટી નિકી ?"

"ઊંઘે છે. શું થયું બેટા ?"

"કંઈ નહીં." બોલતાં આરવી સીધી નિકીતાના રૂમમાં ઘસી ગઈ.

"નિકી..." ની ચીસ સાંભળતાં સફાળી જાગેલી નિકીતાને વળગીને આરવી હૈયાફાટ રડી પડી.

હેબતાઈ ગયેલી નિકીતાએ સ્વયં ઉપર માંડ નિયંત્રણ મેળવ્યું. મહા મહેનતે આરવીને છાની રાખીને પાણી પાયું.

બેડ પર બેસાડીને તેની પીઠે હાથ પસવારતાં બોલી, "શું થયું આરી ? ક્લાસિસમાં કોઈએ ? રસ્તામાં ?"

"ના. મારા ઘરમાં. માય મોમ ઈઝ અ બીચ." બોલતાં આરવી ફરીથી ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

"આ શું બકે છે તું ? જરા શાંત થા અને મને કહે શું થયું ?"

"મમ્મી..." બોલતાં ગળું રુંધાઈ ગયું.

"લે. ફરીથી આ પાણી પી લે. શું થયું આન્ટીને ?"

"થયું કશું નથી. એની ડાગળી ચસકી ગઈ છે. એ ચાલુ છે."

"આરી તને શરમ આવે છે આ બોલતાં?"

"મને બોલતાં શરમ આવે છે. પણ એને આ ઉંમરે આવું કરતાં નથી આવતી. સારું છે પપ્પા આ જોવા જીવતાં નથી."

"તારી મિસઅન્ડરસ્ટેડિંગ થતી લાગે છે. આન્ટી તો બહુ સીધાંસાદાં છે બિચારાં. એ આવું કરે જ નહીં."

"હા એકદમ સીધાંસાદાં, બિચારાંની લીલા મારી નજરે જોઈને આવી. નિકી તને ખબર છે કોની સાથે ? વીથ અવર યશપાલ સર." બોલતાં આરવીએ રીતસર ઠૂઠવો મૂક્યો.

"વ્હોટ ? આઈ કાન્ટ બિલીવ ધીસ." ચોંકી ઊઠેલી નિકીતા આખી ઘટના સાંભળીને સ્તબ્ધ થઈ ગઈ.

"તું આજે અહીં જ રોકાઈ જા. 'એક્ઝામના ફાઈનલ પ્રિપેરેશન માટે તું અહીં છો' એવું કહી દઈએ. આવતીકાલે એમના ડિવોર્સનું ડિસિશન આવી જાય પછી જોઈએ છીએ બંનેને."

બીજા દિવસે પેપર પત્યાં પછી આરવી ઘરમાં ગઈ.

"આવી ગઈ બેટા ? કેવું ગયું પેપર ?"

મમ્મીના અવાજમાં ઉત્સાહનો રણકો, નવાં કપડાં, તેમનો શણગાર જોઈને આરવીને ધૃણા થઈ આવી. માંડ બોલી, "સારું."

"હું સખત થાકી ગઈ છું. ન્હાવા જાઉં છું. ફટાફટ આવીને તને એક જોરદાર સરપ્રાઈઝ આપું." બોલતાં અંબોડો છોડતી મમ્મી બાથરૂમમાં ઘૂસી ગઈ. આરવી માથું પકડીને બેસી ગઈ. એટલામાં મમ્મીના મોબાઈલ ઉપર વૉટ્સએપ નોટિફિકેશની બીપ વાગી. કુતૂહલવશ જોયું તો યશપાલ સરનો મેસેજ હતો, 'સ્યોર. ઈગર ટુ જોઈન.'

સુન્ન થઈ ગયેલી આરવીએ ચેટને ઉપરની તરફ સ્ક્રોલ કરી મમ્મીનો મેસેજ વાંચ્યો, 'સિલેક્ટેડ સક્સેસફુલી સર. મારું ઑડિશન પત્યા પછી તરત ડાયરેક્ટર સાહેબે બધા જ ઉમેદવારોને ના પાડી દીધી.'

'ગ્રેટ. યુ ડિઝર્વ ઈટ. અભિનંદન.'

'આ સફળતા આપે દર રવિવારે કરાવેલાં રિહર્સલ્સના કારણે છે. મારી આરુ તો તમારાથી ઈમ્પ્રેસ છે જ પણ આજે હુંય આપને સાષ્ટાંગ વંદન કરું છું.'

'નોટ ઍટ ઓલ. આ માત્ર તમારામાં ધરબાયેલી અભિનય ક્ષમતાનું પરિણામ છે.'

'આરુનું સ્વપ્ન હતું કે હવે હું મારા વિશે કંઈક વિચારું, આગળ વધું. અમે બંને મા-દીકરી નસીબદાર છીએ કે આપના જેવા ગુરુ મળ્યા. આશીર્વાદ આપજો સર.'

'અરે આશીર્વાદ ઈશ્વરના. હું તો નિમિત્ત માત્ર છું બહેન.'

'આરુ આ જાણશે તો ગાંડી ગાંડી થઈ જશે. એને સરપ્રાઈઝ આપીએ. સાંજે આપણા ત્રણની 'ધી જીંજર' માં પાટી. આવશો ને સર ?'

'સ્યોર. ઈગર ટુ જોઈન.'

સ્પર્ધકનું નામ: પંકજ પુરોહિત 'સારંગ'
નિવાસ: આણંદ, મોબાઈલ નંબર: 9426370637
ઈ મેઈલ: shiv250774gmail.com
વિષય: મોજ મળે ત્યાં મળીએ.
શીર્ષક: વહેણ.

## સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત દ્વારા ટૂંકી વાર્તા સ્પર્ધાનું આયોજન

ઓગસ્ટ માસમાં સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત દ્વારા ટૂંકી વાર્તા સ્પર્ધા અંદાજીત ૭૦૦ થી ૧૨૦૦ શબ્દો વચ્ચેની મર્યાદા સાથે આયોજન કરવામાં આવ્યું હતું. ઘણાં સાહિત્ય રસિક સ્પર્ધકોએ સ્પર્ધા માં ભાગ લીધો હતો. ત્રણ વિજેતાઓ ઘોષિત કરવામાં આવ્યાં હતાં.

પ્રથમ શ્રી પંકજભાઈ પૂરોહિત "સારંગ"

દ્વીતીય શ્રી અમીબેન શુક્લ "અમી"

તૃતીય પૂર્વી વી. પંડ્યા

નિષ્ણાંત નિર્ણાયકો તરીકે શ્રી રાજેશ પંડ્યા 'રાજ', અમદાવાદ, શ્રી કલ્પેશભાઈ પાઠક, ગાંધીનગર અને ચેતનભાઈ શુક્લ, અમદાવાદ થકી સેવાનો લાભ મળ્યો હતો. સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત વિજેતાઓને અભિનંદન અને નિર્ણાયકોને આભાર પાઠવે છે.

**- સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત**


TROPICAL SOLAR ENERGY
Working to safeguard India's energy future
101 Emerald, Opp Hotel Crown, CG Road, Ahmedabad, Gujarat, India 380009.
www.tropicalsolar.in | Email: info@tropicalsolar.in | Contact: +91 9428510372

# EMERALD DEVELOPERS

## KAMLESH PATHAK

**Managing Director**

info@emeralddevelopers.in

105, 1st Floor, Emerald House,
Choice Restaurant Lane,
Nr. Swastik Cross Road, CG Road,
Navrangpura, Ahmedabad - 9, Gujarat, INDIA.



"વરસાદ"

મોરલાના સાદે જોને , આવીયો વરસાદ
ધરતીના છોરું માટે, લાવીયો પરસાદ

ભીની માટીની મસ્ત, ભીની સુવાસ
મનનો થનગનાટ કરે, નભનો પરવાસ

લીલોતરી લહેરાય જાણે,પરભુની મહેર
છબછબિયાં ભરાય, ઊઠે દરિયા શી લહેર

વીજળી કડકે, ફેંકે લીસોટાના પાશ
પોરિયા રમે ,તારે હોડીના ગરાસ

ઝૂમતી ડાળખીઓ સંગ ,પંખીડા રમતા
પીંછા ફફડાવી ધાર,રૂદિયામાં ભરતા

કુદરતી આ અવસર,હરકોઈ માણતા
મલ્હારી મોસમમાં,ભીના ઝાંઝરીયા રેલાવતા

આવતો આવતો તું,રહેજે વરસાદિયા
ફૂલોથી રંગીની ભરી,મહેકાવજે દુનિયા

એક તાત અંબરે,બીજો ધરાએ
વટનો સવાલ,કોણ મહેરે વધારે

સુખદુઃખ ભુલાવી,મોજ કરાવે મેવલિયો,
સૃષ્ટિને રમમાણ કરી,થરકાવે મેઘલો

-મિનલ શુક્લ



રોજ અખબાર ખોલું છું,

લાગણી નું પાનું શોધું છું,

નિષ્ફળ આંખે પાનું પલટી,

તમારા વાવડ ગોતું છું.

રંજનબેન પંડ્યા-જોષી, વડોદરા
ઉ.વ. ૮૫

## યાદ



વરસાદના દરેક ટીપા માં તારી યાદ શોધું છું .
ભીની માટીની સોડમ માં તારો સાથ શોધું છુ.
વાદળ તો વર્ષીને શાંત થઈ  જાય છે પળવારમાં,
લાગણીની વર્ષા મા ભિંજાવા તારો હાથ શોધું છુ.
આંખોને મન ભીના છે વરસાદમા કે તારી યાદમાં,
ઠંડા પવનની લહેરખીમા તારો અહેસાસ શોધું છુ.
વરસાદ તો કરી જાય છે ધરતી લીલીછમ હમેશાં,
બસ તારી યાદોમાં હુ મનની હરિયાળી  શોધું છું.

દક્ષેશ જોષી, વડોદરા

## હે મન...



'રિલેક્સ પ્લીઝ!' સાંભળતું નથી,
ક્યાં છે, કેમ છે આટલું મગન ?
પ્રવાસ પૃથ્વીનો પરપોટા જેટલો,
ત્યાં શાને આટલી લગન ?
ભભૂકતી નિતનવી હાયવોય,
ઠરતી નથી તારી અગન !
તાણે ટાંકા તડજોડના તોય,
રોજ રહેવાનું તું ભગન.
વિચાર-વૈભવનો વટ અનેરો,
વહી જા, વિહર... વિશાળ ગગન.

પંકજ પુરોહિત, 'સારંગ'
તા. ૨૬-૦૮-૨૦૨૬

# માનવતા ભુલાઈ રે !





હવે માનવી માનવી છે,એ વાત કેમ માનવી ?
યુદ્ધના સંજોગો સર્જ્યા,સત્તાના નશામાં ચકચૂર માનવી,
અતિક્રમણની લાલસામાં છલકાયો માનવી,
નિર્દોષોના મોત થયા, લાચાર બની જિંદગી,
આતંકના આક્રમણમાં શૈતાન બન્યો માનવી,
હવે માણસાઈ માણસમાં દેખાય છે ખરી ?
કળિયુગના પ્રભાવી કામણમાં રંગરૂપે દેખાતો માનવી,
સવેન્દના નેવે મૂકી, સોદાબાજીમાં મશગુલ માનવી,
છળકપટ થકી ભાઈચારો ભુલ્યો આ માનવી,
પ્રેમભાવના ત્યાગી હવે માનવી રહ્યો છે ખરો માનવી ?
હવે માનવતા ભુલાઈ રે, માનવી માનવી બનશે ખરો ?



દિલીપકુમાર વિષ્ણુપ્રસાદ પંડ્યા

---

## હું પછી કોણ? (સોનેટ)

હું પછી કોણ અઘરો પ્રશ્ન છે;
નહેરુ પછી કોણ પૂછાતું પેલા;
ને હવે મોદી પછી કોણ પ્રશ્ન;
એ બધી મોટી વાતો; હું પછી કોણ?
મિલકત પૈસા સોનુ પછી કોના;
ને બધે લાગેલું નામ પછી કોનું?
કોઈ યાદ કરશે કે પછી ભૂલી;
લહેર કરી વાપરશે ને તેના;
તાર તાર કરી ઉડાડી દેશે ને;
કંઈક પેઢી પછી નામ પણ નૈ;
આ બધું ડરાવે છે આપણ ને તે;
ભગવાન યાદ આવે; કશું કરે,
હું પછી કશું જ નૈ; કાંઈ નહીં તો;
અનંત અફાટ બ્રહ્માંડ શૂન્ય.



ડૉ.બિરેન પાઠક, ઘોઘંબા
૨૦-૦૮-૨૦૨૬

# શિવાલય

શ્રાવણની ઝરમર વરસાદમાં,
મન આજે શિવાલય જાય;
હાથમાં બિલ્વપત્ર થોડાં,
હૈયું તારી પાસે થાય.

કંઈ માંગવું નથી શંભુ,
બસ એટલી એક પ્રાર્થના—
મન તૂટે ત્યારે તું સંભાળજે,
આંખ ભીની થાય ત્યારે સમજજે.

દુનિયાને હું ઘણું કહું છું,
પણ તને કંઈ કહેવું નથી;
તારા ચરણોમાં બેસી જાઉં,
એથી મોટી કોઈ પ્રાર્થના નથી.

આંખો મીંચી તને શોધ્યો,
ત્યારે અંતર બોલી ઊઠ્યું—
"જેને શોધે છે તું બહાર,
એ તો તારી અંદર જ બેઠું."

ત્યારે સમજાયું,
શિવાલય કોઈ મંદિર નથી;
જ્યાં હૃદય નિર્મળ થાય,
ત્યાં મહાદેવથી દૂર કંઈ નથી.

ૐ નમઃ શિવાય.



તન્વી શુક્લ

# કિશન કનૈયા લાલજી

- કિશન કનૈયા લાલજી,
  મારા કિશન કનૈયા લાલજી ઓ મારા... (2)
- ઓહ મોરલીવાળા,
  ગોપીઓનાં પ્યારા... (2)
  તમે નટખટ કાનુડા લાલજી,
  કિશન કનૈયા લાલજી,
  મારા કિશન કનૈયા લાલજી...

- મહેલના રાજા,
  તમે જેલમાં રે જન્મ્યા,
  નિત નવા નવા,
  તમે ખેલ રે રમ્યા... (2)
  કાળીયા નાગને રે હરાવી,
  તમે ગોવર્ધન લીધો ઉપાડી... (2)
  કિશન કનૈયા લાલજી,
  ઓ મારા કિશન કનૈયા લાલજી...

- સુદામાના સાથી ને,
  અર્જુનના સારથી,
  મામા કંસ ડરી રહ્યા હતા,
  તમે અવતર્યા ત્યારથી... (2)
  કિશન કનૈયા લાલજી,
  ઓ મારા કિશન કનૈયા લાલજી...

- દ્રૌપદીના ચીર રે પૂર્યા,
  ગોપીઓનાં મન રે મોહ્યાં,
  રાસ રમ્યા રાધા સંગ તમે,
  માખણ એ બહુ ચોર્યાં...
  કિશન કનૈયા લાલજી,
  ઓ મારા કિશન કનૈયા લાલજી...

- પાંડવોના રહ્યા પક્ષમાં,
  કૌરવોને કર્યા વશમાં,
  અર્જુન ડગમગ્યો તો,
  ગીતા સંભળાવી તમે,
  કુરુક્ષેત્રના મેદાનમાં...
  કિશન કનૈયા લાલજી,
  ઓ મારા કિશન કનૈયા લાલજી...

- કોઈ કહે તમને લાલો ને,
  કોઈ કહે તમને કાનો,
  મારા માટે તો તમે,
  મારા રાજા રણછોડજી...
  કિશન કનૈયા લાલજી,
  ઓ મારા કિશન કનૈયા લાલજી...



Written by
VINAY KSHOTRIYA

સર્વે શ્રીગૌડ શ્રીબંધુઓને અમિતભાઈ જોશીના
જય મહાલક્ષ્મી.

૨૫ વર્ષ જૂના અને જાણીતા





# જોષી ચશ્માવાલા
## & કોન્ટેક લેન્સ કિલનીક

**નંબરના ચશ્મા, ગોગલ્સ અને**
**કોન્ટેકટ લેન્સ મેળવવાનું એકમાત્ર સ્થળ**

૧૪, શ્યામ ગોલ્ડ સિનેમા કોમ્પલેક્ષ,
બારેજા, તા. દસ્ક્રોઈ, જિ. અમદાવાદ.
મો. ૮૨૩૮૮૧૧૫૯૧






**“૨૦૧૭ થી શિસ્ત, નિયમિતતા અને ગુણવત્તાયુક્ત શ્રેષ્ઠ શિક્ષણ અને સર્વોત્તમ પરિણામ આપતી સંસ્થા એટલે ઉડાન સ્કૂલ”**

લોમેશ ઉપાધ્યાય - નૃપેશ ઉપાધ્યાય

# પૂજે જનો સૌ ઉગતા રવિને



ક્રિષ્ના શુકલ 'સુવાસ'

કરી લે નિશ્ચય મન તું, અડગ નિર્ધાર કરીને,
ઊગવું બસ ઊગતા જ રહેવું ને ઊંચે આભે ચડવું,
પણ મન સરળ રાખવું  ઊંચે આભે ચડીને,
કારણકે પૂજે જનો સૌ ઊગતા રવિને.

લક્ષ્ય પાર કર તું ખૂબ હામ હૈયામાં રાખીને,
ભલેને હોય નિશાન ઊંચું બસ એને જ સાધી લેવું,
પણ ઘમંડ કદી ન કરવું ઉચ્ચ નિશાન સાધીને,
કારણકે પૂજે જનો સૌ ઊગતા રવિને.

સુવર્ણસમ ચમક તું ધખતી આગમાં તપીને,
ભલેને હોય આકરો તાપ તોયે જીવનને ચમકાવવુ,
પણ તારી આ ચમક તું  દઈ દે અન્ય જીવનને,
કારણકે પૂજે જનો સૌ ઊગતા રવિને.

ઊગતો રવિ જ્યારે અડગ નિર્ધાર કરીને,
લક્ષ્ય પાર કરે રવિ તો, ઊંચું નિશાન સાધીને,
તોયે પ્રકાશિત કરે સૌને સ્વયં આગમાં તપીને,
તેથી જ તો પૂજે જનો સૌ ઊગતા રવિને,
તેથી જ તો પૂજે જનો સૌ ઊગતા રવિને.

# ઉછળ-કૂદતી ચાલી હું તો ચામુંડાને મેળે

ઉછળ-કૂદતી ચાલી હું તો
ચામુંડાને મેળે,
ગામ આખાનો પ્રવાહ જાણે
મન ઉત્સાહને પ્રેરે.

ચાર આનાના ચકડોળે બેસી
ચાલી હું અવકાશે,
આઠ ફૂટની ઊંચાઈએથી
આભને અડકી લાગે.

એક પૈસાની પિપૂડી
ને બે પૈસાનો પાવો,
ચારે બાજુ ઘૂમું હું તો,
લેવા અઢળક લહાવો.

મન ભરીને મહાલી હું તો
મેળાના માહોલે,
આઠ આની ખિસ્સાની
આવે ખજાનાની તોલે.



**અરૂણા પંડ્યા ભટ્ટ**

---

## હાઈકુ

શિવજી ભોળા
જટાપર ગંગાજી
ત્રિશૂલ ધારી

ભોળા નાથજી
પરમ કૃપાળુ છો
દુઃખડા હરો.

શિવ શરણ
ચરણોમાં ઝૂકવું
મન હરખે.



**માલા પાઠક (વડોદરા)**

# આવ્યો આવ્યો શ્રાવણમાસ

ઝરમર ઝરમર મેહુલિયો વરસ્યો,
આવ્યો ..આવ્યો ..રે શ્રાવણમાસ.

પ્રકૃતિ આજ બની હરિયાળી,
ધરતીએ પહેરી લીલી સાડી.
મંદિરોમાં ગુંજે શંખનાદ,
ઘંટારવથી મ્હેંકે મનડું આજ.

ભક્તિના રંગથી મેહકાય.
શ્રાવણીયા ઉત્સવ ઉજવાય.
બિલિપત્રને ધતુરાની સુવાસે,
ભોલેનાથ ને થાય જળાભિષે

શ્રાવણી પૂનમનું આવે પર્વ..
બહેની સિધાવે પિયરવાટ,
રેશમના ધાગે વીર ની રક્ષા
માગે શંકર પાસ.

હૈયાના હરખે ઉજવે,
ભાઈ-બહેનના પ્રેમ નું પર્વ.
કાનુડાની નટખટ લીલાઓ
સાથે આવે જન્માષ્ટમી ઊત્સવ...

હાથી ઘોડા પાલકી
જય કનૈયા લાલકી
આબાલવૃદ્ધ ઝૂમી ઊઠે સાથે
નંદ મહોત્સવ...

ભક્તિ ના રંગે રંગાય જવાય
મનડું પાવન થઈ જાય.
આવ્યો..આવ્યો..રે શ્રાવણમાસ.....!!!!



**ભારતીબેન ઉપાધ્યાય**

તા. ૧૩/૦૯/૨૦૨૬ના રોજકોઠંબા ખાતે કારોબારી સમિતિની બેઠક યોજાયેલ હતી. આ સમયે નીચેના સભ્યો તરફથી સમાજને યોગદાન મળેલ છે. સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરે છે.

| | | |
|---|---|---|
| (૧) | સુશ્રી ગીતાબેન પી. ઉપાધ્યાય કૃષ્ણનગર, અમદાવાદ. | ₹ 21000/- |
| (૨) | સુશ્રી ભાનુબેન એન ઉપાધ્યાય કોઠંબા. | ₹ 5100/- |
| (૩) | સુશ્રી જયશ્રીબેન પી ઉપાધ્યાય કૃષ્ણનગર, અમદાવાદ | ₹ 5100/- |
| (૪) | શ્રી રાજુભાઈ અગ્રવાલ, નરોડા ફ્રૂટ ના હોલસેલર | ₹ 5100/- |
| (૫) | શ્રી નિખિલ ચંદ્રકાંતભાઇ જોશી,ગોધરા | ₹ 2000/- |

આભાર....

ધ્રુવ જોશી — પ્રમુખ શ્રી

યોગેશ શુક્લ — મંત્રી શ્રી

---

## ખુશીનું વૈદું
## ઘરગથ્થું ઉત્તમ ઔષધો

૧) તુલસીના પાનનો ઉકાળો હંમેશા મેલેરિયા, વાઈરલ ઇન્ફેક્શન, શ્વાસની તકલીફો, વિષમજવર માં ઉત્તમ સાબિત થાય છે.

૨) કુંવાર પાઠુ હંમેશા લિવરના રોગોમાં, ઈમ્યુનીટી બુસ્ટર તરીકે, દાઝવા ઉપર અને ચામડીના નિખાર માટે ઉત્તમ કામ આપે છે.

૩) અરડૂસી હંમેશા શ્વાસ, શરદી, દમ, ટી બી જેવા શ્વસન તંત્ર ના રોગોમાં શ્રેષ્ઠ કામ આપે છે.

૪) લીમડો રક્ત સુધારક તરીકે અને અનેક રીતે ઉપયોગી સાબિત થાય છે.

૫) ફૂદીનો હંમેશા ભૂખ લગાડનાર અને ઈમ્યુનીટી વધારવા, શરીરમાં તાજગી માટે ઉત્તમ કામ આપે છે.

૬) બ્રાહ્મી હંમેશા મગજની શક્તિ વધારવા સાથે ઠંડક માટે ખુબ ઉપયોગી સાબિત થાય છે.

૭) સાટોડી હંમેશા પેશાબ કરાવનાર ઔષધોમાં શ્રેષ્ઠ ગણાય છે.કીડનીને તેનાથી નૂકશાન થતું નથી અને વધેલું પાણી બહાર નીકળી જાય છે.

# SHIVAM PARTY PLOT







**Proprietor : BHAUMIK JOSHI**

## SHIVAM PARTY PLOT, GOTRI, VADODARA

ISO 9001 : 2015 CERTIFIED

## Shree Vidhyamandir Vidhyalaya

Std. 1 to 12 (Comm) (English, ગુજરાતી Medium)








**Trustee Names**

- Mr. Pradeep Joshi
- Mr. Bhaumik Joshi

# અવસાન નોંધ
# જુલાઈ-ઑગસ્ટ ૨૦૨૬

(૧) સ્વ. જયંતીભાઈ મંગુલાલ જોષી (મૂળવેજપુર, ટીંબારોડ), વડોદરા
(૨) સ્વ. મહેશભાઈ મણીશંકર જોષી, વનોડા
(૩) સ્વ. પૂ. ચંન્દ્રવદનભાઈ જયંતિલાલ જોષી (દેવ) ઉમરેઠ.
(૪) સ્વ. ઉમાકાંતભાઈ ડાહ્યાલાલ જોશી, વડોદરા
(૫) સ્વ. કિર્તિકુમાર પાઠક, અમદાવાદ
(૬) સ્વ. આનંદીબેન કનૈયાલાલ ઉપાધ્યાય, સેવાલિયા
(૭) સ્વ. વિરલભાઈ જયેન્દ્રભાઈ દવે, અમદાવાદ
(૮) સ્વ. આશાબેન જયંતભાઇ શુક્લ, વડોદરા
(૯) સ્વ. ચંદ્રિકાબેન અમુલખરાય પાઠક, શહેરા
(૧૦) સ્વ. નૈનેશભાઈ શંકરલાલ વ્યાસ, વડોદરા
(૧૧) સ્વ. નયનાબેન શંભુપ્રસાદ જોષી, ગાંધીનગર
(૧૨) સ્વ. રિધ્ધીષભાઈ ચિમનલાલ પંડયા, વડોદરા
(૧૩) સ્વ. રાજનભાઈ પુરુષોત્તમભાઈ જોષી, અમદાવાદ
(૧૪) સ્વ. હસમુખભાઈ મૂળશંકર પાઠક, અમદાવાદ
(૧૫) સ્વ. જતીનભાઈ હરનીશચંદ્ર જોષી, અમદાવાદ
(૧૬) સ્વ. દેવેન્દ્રપ્રસાદ શ્રીધરપ્રસાદ જોષી, ધર્મજ
(૧૭) સ્વ. પૂજાબેન અંકિતભાઈ પંડ્યા, અમદાવાદ
(૧૮) સ્વ. ધમીષ્ઠાબેન પ્રવિણભાઈ વ્યાસ, વડોદરા
(૧૯) સ્વ. સુશીલાબેન આનંદપ્રસાદ જોષી, વડોદરા
(૨૦) સ્વ. નિરંજનાબેન હિરાલાલ જોશી, વડોદરા

**સૌરાષ્ટ્ર કચ્છ :-**

(૧) સ્વ. મનોરમાબેન મહેન્દ્રભાઈ ભટ્ટ, રાજકોટ
(૨) સ્વ. દિપકકુમાર નાનાલાલ પંડ્યા, જુનાગઢ
(૩) સ્વ. મંજુલાબેન કનકરાય જોશી, રાજકોટ
(૪) સ્વ. ભાસ્કરભાઈ મોહનલાલ જોષી, મોરબી
(૫) સ્વ. નીલમબેન અરવિંદભાઈ ભટ્ટ, રાજકોટ
(૬) સ્વ. નિરંજનાબેન પ્રફુલચંદ્ર પંડ્યા, ગોંડલ
(૭) સ્વ. પંકજકુમાર ભાનુશંકર પુરોહિત, તાલાળા (ગીર)
(૮) સ્વ. ઉપેન્દ્રભાઈ દામોદરભાઈ પંડ્યા, રાજકોટ
(૯) સ્વ. પ્રવીણભાઈ શિવલાલ જોશી, રાજકોટ
(૧૦) સ્વ.સનતભાઈ કમલાપ્રસાદ ભટ્ટ, જુનાગઢ
(૧૧) સ્વ. માયાબેન જીતેન્દ્રભાઈ ભટ્ટ, લંડન
(૧૨) સ્વ. કિશોરભાઈ હરિલાલ ભટ્ટ,જુનાગઢ
(૧૩) સ્વ. નવીનચંદ્ર ભાઈશંકર પુરોહિત, ધારી /અમદાવાદ
(૧૪) સ્વ. રેણુકાબેન રસિકભાઈ જોષી, ખાંડાધાર
(૧૫) સ્વ. દિલીપભાઈ દુર્ગાશંકર મહેતા, ગોંડલ
(૧૬) સ્વ. પુષ્પાબેન વિનોદરાય જોષી, રાજકોટ
(૧૭) સ્વ. ચેતનાબેન મનોજકુમાર ભટ્ટ,સા.કુંડલા
(૧૮) સ્વ. પ્રકાશચંદ્ર મનસુખલાલ ભટ્ટ, મોણીયા/ અમદાવાદ
(૧૯) સ્વ. જયકાંત ભાઈ દુર્ગાશંકર જોશી, રાજકોટ / જુનાગઢ

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત**
**અવસાન પામેલ સ્વજનોને ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવે છે અને**
**પરમકૃપાળુ પરમાત્મા તેમને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના.**

# શ્રીગૌડ જાગૃતિના દ્વિમાસિક અંક માટે સ્પોન્સરશીપ તરીકે રૂ. ૧૦૦૦૦/- આપનાર દાતાઓ



રાજેશ પંડ્યા 'રાજ',
તંત્રી શ્રીગૌડ જાગૃતિ



ડો. બિરેનભાઈ પાઠક
ઘોઘંબા



રમેશચંદ્ર નરેન્દ્રકુમાર પાઠક
ઘાટલોડિયા, અમદાવાદ



ગુપ્ત દાતાશ્રી

**મિત્રો, સમાજના શ્રેષ્ઠી
શ્રી બંધુઓ શ્રીગૌડ જાગૃત્તિ નિભાવ ખર્ચની
સ્પોન્સરશીપ માટે આગળ આવે એવી એક ઉચ્ચ ભાવના.**

# "સમસ્ત શ્રીગૌડ જીવનસાથી" વોટ્સએપ ગૃપ

"કોઈપણ ખર્ચ વગર સમસ્ત શ્રીગૌડ જીવનસાથી Free વોટસ એપ ગ્રૂપ માં જોડાવવા માટે આમંત્રણ" શ્રીગૌડ બ્રાહ્મણ દીકરા દીકરીઓ ના વિવાહ શ્રીગૌડ સમાજમાં થાય તે શુભ હેતુથી સમસ્ત શ્રીગૌડ સમાજ ના જુદા જુદા પક્ષના પ્રતિનિધિઓના સાથ અને સહકારથી "સમસ્ત શ્રીગૌડ જીવનસાથી" વોટ્સએપ બાયોડેટા ગ્રૂપ શરૂ કરવામાં આવેલ છે. નિઃશુલ્ક (FREE) સેવા આપવામાં આવી રહેલ છે.

બાયોડેટા, એડમીન દ્વારા જ વોલ ઉપર મૂકવામાં આવે છે ગ્રૂપમાં બાયોડેટા મૂકવા માટે મુખ્ય વ્યક્તિનો વોટ્સએપ નંબર અને બાયોડેટા એક ફોટા સાથે કોઈપણ એડમીનને મોકલી આપવાનો રહેશે.

બાયોડેટાની પીડીએફ ફાઈલનું નામ નીચે પ્રમાણે આપવાનું રહેશે.

➡ સૌપ્રથમ યુવક / યુવતી નું નામ, પછી જન્મનું વર્ષ અને છેલ્લે શહેર/ ગામનું નામ. દા.ત. bhavin.1996.ahmedabad kajal.2001.surat

સભ્યો દ્વારા ફરજિયાત બાયોડેટા મૂકવા માટે ગ્રૂપ દર મહિનાના ચોથા શનિવાર અને રવિવાર આ બે દિવસ ખુલ્લું મૂકવામાં આવે છે. દર મહિને બાયોડેટા પુનરાવર્તિત થાય છે. તમારા દીકરા કે દીકરી માટે યોગ્ય પાત્ર શોધતા હોવ તો નીચે આપેલ કોઈપણ એડમીનશ્રીનો સંપર્ક કરવો.

(૧) શ્રી હિતેશભાઈ ભટ્ટ (અમદાવાદ) - ૯૮૨૪૦૯૧૨૯૬

(૨) શ્રી જયંત જોષી (ગાંધીનગર) - ૯૬૦૧૯૯૫૫૬૭

(૩) શ્રી પ્રવિણભાઈ પુરોહિત (અમદાવાદ) - ૯૮૨૪૩૫૮૨૯૭

(૪) ડૉ. પ્રિતેશભાઈ શુક્લ (આણંદ) - ૯૪૨૮૪૯૧૨૨૧

(૫) શ્રી પ્રશાંતભાઈ પાઠક (વડોદરા) - ૮૩૨૦૬૨૭૨૮૦

(૬) શ્રી મહેન્દ્રભાઈ પુરોહિત (વડોદરા) - ૯૪૨૭૭૮૬૨૬૪

(૭) શ્રી કિરણભાઈ શુક્લ (વડોદરા) - ૯૯૭૮૯૨૦૯૮૮

(૮) શ્રી ઉદયભાઈ શાસ્રી (અમદાવાદ) - ૯૮૨૫૩૯૩૫૯૯

(૯) શ્રી આશિષભાઈ પાઠક (વડોદરા) - ૯૪૨૭૭૧૭૮૯૧

(૧૦) શ્રી સંજયભાઈ જાની (જામનગર) - ૯૯૨૪૪૭૨૭૦૯

(૧૧) શ્રી બંકિમભાઈ પુરાણી (વડોદરા) - ૯૯૯૮૦૦૮૩૬૬

(૧૨) શ્રી ધ્રુવભાઈ શુકલ (અમદાવાદ) - ૯૪૨૯૩૫૫૬૫૩

(૧૩) શ્રી જીજ્ઞેશભાઈ પંડિત - (અમદાવાદ)- ૯૦૯૯૦૨૯૦૭૯

(૧૪) સુશ્રી કૃપાબેન પાઠક (અમદાવાદ)- ૯૫૩૭૬૫૨૪૫૨

આ શુભકાર્યમાં સહભાગી થવા માટે આપના બધાજ શ્રીગૌડ સમાજના અને પારિવારિક ગૃપમાં તેમજ દરેક સગાં સંબંધીઓને આ મેસેજ ફોરવર્ડ કરશો. વિના સહકાર નહીં ઉધ્ધાર.

|| जय श्री महालक्ष्मी माता प्रसंन्नोस्तुः ||

# સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત, ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યોની યાદી

## પ્રમુખ શ્રી ધ્રુવભાઈ જે. જોષી, વડોદરા
## મંત્રી શ્રી યોગેશ કે શુકલ ,અમદાવાદ
## ખજાનચી શ્રી વિનીતભાઈ દવે, અમદાવાદ

**તંત્રી, શ્રીગૌડ જાગૃતિ - શ્રી રાજેશ પંડ્યા ‘ રાજ’ (અમદાવાદ)**

### ટ્રસ્ટી મંડળ

(૧) શ્રી ધ્રુવભાઈ જોશી, બરોડા
(૨) શ્રી જયંતભાઈ જોશી, ગાંધીનગર
(૩) શ્રી મિહિરભાઈ પંડ્યા, અમદાવાદ
(૪) શ્રી ધ્રુવભાઈ શુક્લ, અમદાવાદ
(૫) શ્રી દિગીશભાઈ દવે, અમદાવાદ
(૬) શ્રી ડૉ. મહેશભાઈ શુક્લ, લુણાવાડા
(૭) શ્રી જનકભાઈ પાઠક, લુણાવાડા
(૮) શ્રી નીરવભાઈ ઉપાધ્યાય, સેવાલિયા
(૯) શ્રી સ્મિતલભાઈ પંડિત, અમદાવાદ
(૧૦) શ્રી વિનીતભાઈ દવે, અમદાવાદ
(૧૧) શ્રી લોમેશભાઈ ઉપાધ્યાય, કોઠંબા
(૧૨) શ્રી અમિતભાઈ જોશી, અમદાવાદ
(૧૩) શ્રી વિજયભાઈ ઉપાધ્યાય, અમદાવાદ
(૧૪) શ્રી રાજેશભાઈ કે. પંડ્યા, અમદાવાદ
(૧૫) શ્રી યોગેશ શુક્લ, અમદાવાદ

### કારોબારી સમિતિ - ઝોન પ્રમાણે સભ્યો

**૧. અમદાવાદ/ ગાંધીનગર, ઉ.ગુ. :-**

(૧) શ્રી વર્ષિલભાઈ જનકભાઈ શુક્લ, ગાંધીનગર, ૭૭૭૮૦૮૨૨૨૧
(૨) શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, અમદાવાદ, મો. ૯૮૨૪૪૯૩૦૦૯
(૩) શ્રી પ્રવિણભાઈ વાસુદેવ પુરોહિત, અમદાવાદ, મો. ૯૮૨૪૩૫૮૨૯૭
(૪) શ્રી દિગંત જોષી, અમદાવાદ, મો. ૯૮૯૮૪૨૨૭૮૧
(૫) શ્રી હાર્દિક અનિલભાઈ શુક્લ, અમદાવાદ, મો. ૯૬૬૨૫૦૯૮૭૫
(૬) શ્રી જયંતભાઈ પદમાશંકર શુક્લ, અમદાવાદ, મો. ૯૯૨૫૯૭૦૩૯૯
(૭) શ્રી જયેશભાઈ દેવપ્રસાદ ભટ્ટ, અમદાવાદ, મો. ૯૯૦૯૯૨૫૫૧૪
(૮) શ્રી મુકેશભાઈ નટવરલાલ પુરોહિત, અમદાવાદ, મો. ૭૪૩૩૦૧૯૭૧૮
(૯) શ્રી સંદિપભાઈ પાઠક, ગાંધીનગર, મો. ૯૭૨૩૨૩૫૮૭૮
(૧૦) શ્રી પંકજભાઈ માણેકલાલ શુક્લ, અમદાવાદ, મો. ૯૮૨૫૦૦૮૧૪૪
(૧૧) શ્રી મયંકભાઈ જયંતીલાલ શુક્લ, અમદાવાદ, મો. ૯૮૨૫૦૭૪૭૪૬
(૧૨) શ્રી જિજ્ઞેશભાઈ ભાલચંદ્ર પંડિત, અમદાવાદ, મો. ૯૦૯૯૦૨૯૦૭૯
(૧૩) શ્રી રાજેશભાઈ સુરેશભાઈ પંડ્યા, અમદાવાદ, મો. ૯૯૯૮૭૧૬૫૭૭
(૧૪) શ્રી પ્રશાંતભાઈ પ્રદ્યુમનભાઈ જોષી, અમદાવાદ, મો. ૯૮૨૫૫૫૨૯૨૭
(૧૫) શ્રી ઉદયભાઈ મધુકુમાર શાસ્ત્રી, અમદાવાદ, મો. ૯૮૨૫૩૯૩૫૯
(૧૬) શ્રી હેતલભાઈ રમેશચંદ્ર શુક્લ, અમદાવાદ, મો. ૯૭૨૬૨૫૮૩૫૩
(૧૭) શ્રી કિરણભાઈ ભટ્ટ, અમદાવાદ, મો. ૯૭૨૪૩ ૨૦૭૪૪
(૧૮) શ્રી રાજેન્દ્રભાઈ ગૌરીશંકર પંડ્યા, અમદાવાદ, મો. ૯૪૨૮૮૧૩૯૩૯

**૨. ખેડા / આણંદ (નડિયાદ, ડાકોર, આણંદ, ખંભાત) :-**

(૧) શ્રી ભાવિનભાઈ હરિહરભાઈ ભટ્ટ, ખંભાત, મો. ૯૮૨૫૪૩૯૭૦૭
(૨) શ્રી માર્તડભાઈ શૈલેષભાઈ પાઠક, ખંભાત, મો. ૯૮૨૫૭૩૭૧૪૦
(૩) શ્રી ભરતભાઈ દવે, આણંદ, મો. ૯૭૨૬૧૫૭૮૮૨
(૪) શ્રી પંકજભાઈ પુરોહિત, આણંદ, મો. ૯૪૨૬૩૭૦૬૩૭
(૫) શ્રી હેમંતભાઈ પુરોહિત, આણંદ, મો. ૯૪૨૯૬૬૪૨૬૨

**૩. વડોદરા અને છો.ઉ. જિલ્લો (વડોદરા, સાવલી) :-**

(૧) શ્રી ઉમેશ ચીમનલાલ પંડ્યા,વડોદરા, મો. ૯૪૨૭૩૪૬૬૯૯
(૨) શ્રી આશિષભાઈ દિનેશભાઈ પાઠક, વડોદરા, મો. ૯૪૨૭૭૧૭૮૯૧
(૩) શ્રી મહેન્દ્રભાઈ જયંતીલાલ પુરોહિત, વડોદરા, મો. ૯૪૨૭૭૮૬૨૬૪
(૪) શ્રી વિમલભાઈ રમણલાલ ત્રિવેદી, વડોદરા, મો. ૯૧૭૩૭૧૨૩૯૧
(૫) શ્રી ભાર્ગવ બિપીનચંદ્ર વૈદ્ય, વડોદરા, મો. ૯૯૨૫૦૩૬૩૧૯
(૬) શ્રી સાગરભાઈ નગીનપ્રસાદ પંડ્યા, વડોદરા, મો. ૯૮૨૫૦૭૫૦૩૪
(૭) શ્રી જયેન્દ્રભાઈ પ્રદ્યુમનભાઈ દવે, વડોદરા, મો. ૯૪૨૯૪૨૬૨૨૩
(૮) શ્રી નિશાંતભાઈ રમેશભાઈ પુરોહીત, મો. ૯૮૭૯૫૨૮૫૧૦
(૯) શ્રી સૌમિલભાઈ હરેન્દ્રભાઈ શુક્લ, વડોદરા, મો. ૯૭૧૨૪૭૮૮૭૯
(૧૦) શ્રી ભગવતભાઈ બાલકૃષ્ણ પાઠક, વડોદરા, મો. ૯૯૦૯૦૦૮૨૧૧

**૪. દક્ષિણ ગુજરાત (ભરુચ, સુરત, વલસાડ, નવસારી) :-**

(૧) શ્રી સુનિલકુમાર રમેશચંદ્ર ઉપાધ્યાય, ભરૂચ, મો. ૯૩૭૭૪૩૪૧૬૧
(૨) શ્રી પ્રિતેશભાઈ રોહિતભાઈ શુક્લ, નવસારી, મો. ૯૪૨૭૧૫૩૦૭૧
(૩) શ્રી તેજસભાઈ નિરંજનભાઈ શુક્લ, સુરત, મો. ૯૯૯૮૨૨૧૨૫૦
(૪) શ્રી હરદીપભાઈ મુકુંદરાય પાઠક, સુરત, મો. ૯૮૨૪૩૯૧૪૭૫

**૫. મહિસાગર, પંચમહાલ, દાહોદ, અરવલ્લી**
**(દાહોદ,ગોધરા, કાલોલ, શહેરા, લુણાવાડા, વીરપુર, કોઠંબા) :-**

(૧) શ્રી અંકુર હરીશભાઈ ઉપાધ્યાય, કાલોલ મો. ૯૮૨૫૫૨૪૫૪૫
(૨) શ્રી પ્રજ્ઞેશ રજનીકાંત જોષી, કાલોલ મો. ૯૯૭૮૭૮૭૮૫૮
(૩) શ્રી જીજ્ઞેશ અશોકભાઈ પાઠક, શહેરા/ગોધરા, મો. ૯૮૨૫૮૬૬૩૭૯
(૪) શ્રી ભૃગુભાઈ શીવશંકર પાઠક, શહેરા,
(૫) શ્રી નિતીનકુમાર રમણલાલ દવે, દાહોદ, મો.૯૨૨૮૩૨૯૯૧૧

**૬. મહિલા સભ્યો :-**

(૧) શ્રીમતી સ્મિતાબેન વિનાયકભાઈ શુક્લ, ગોધરા, મો.
(૨) શ્રીમતી પલ્લવીબેન કૌટિલ્ય શુક્લ, વડોદરા, મો. ૯૪૨૯૯૨૮૧૦૦
(૩) શ્રીમતી પારૂલબેન વિનયકાન્ત દવે, અમદાવાદ, મો. ૯૭૨૭૯૫૩૭૧૪
(૪) શ્રીમતી કૃપાબેન કૌશિકભાઈ પાઠક, અમદાવાદ, ૯૫૩૭૬૫૨૪૫૨
(૫) સુશ્રી કાશ્મિરાબેન મૌલેશભાઈ પાઠક, ગોધરા, મો. ૯૮૨૫૦૩૬૮૦૦
(૬) શ્રીમતી સોનિયાબેન કલ્પેશભાઈ પાઠક, ગાંધીનગર, મો. ૮૩૨૦૪૮૩૯૭૭

**૨. સલાહકાર સમિતિ :-**

(૧) શ્રી કમલેશભાઈ શીવશંકર પાઠક, અમદાવાદ, મો. ૯૪૨૬૫૧૧૪૭૨
(૨) શ્રી કુમુદભાઈ અંબાલાલ દવે, અમદાવાદ, મો. ૯૮૨૫૫૧૦૭૯૨
(૩) શ્રી અનંતભાઈ રણછોડભાઈ શુક્લ, અમદાવાદ, મો. ૯૪૨૭૫૨૩૬૯૧
(૪) શ્રી રઘુભાઈ હરીહરભાઈ જોષી, વલ્લભ વિદ્યાનગર/ આણંદ, મો. ૯૪૨૬૫૪૩૮૦૭
(૫) શ્રી હરેશભાઈ નટવરલાલ પંડ્યા, નડિયાદ, મો. ૯૪૨૯૩૨૬૭૩૭
(૬) શ્રી હરીશભાઈ સોમેશ્વર ઉપાધ્યાય, કાલોલ, મો. ૯૯૭૯૨૦૯૮૫૮

# માહિતી સમાચાર શ્રીગૌડ જાગૃતિ સુધી પહોંચાડવાનું ગુગલ ફોર્મ

શ્રીગૌડ જાગૃતિ મા આપ જે માહિતી અથવા સાહિત્ય પ્રકાશિત કરવા માંગતા હોવ તે સંપાદક ને પહોંચાડવા માટે આ QR Code સ્કેન કરી ને જે ગૂગલ ફોર્મ ખુલે તે ભરીને સબમિટ કરશો.

આ ગૂગલ ફોર્મ શ્રીગૌડ જાગૃતિ ના આગામી પ્રકાશિત થનારા અંક માં આપ કોઈપણ સમાચાર (લગ્ન, યજ્ઞોપવિત સંસ્કાર, ચૌલ સંસ્કાર, શ્રદ્ધાંજલિ સમાચાર, બઢતી અથવા સિદ્ધિ ના સમાચાર, વિશેષ ક્ષેત્ર માં મેળવેલ સિદ્ધિ , સન્માન, બહુમાન, ને લગતી માહિતી સમાજ ના મુખપત્ર માં પ્રકાશિત કરવા ઈચ્છતા હોવ તો આ ગૂગલે ફોર્મ ના માધ્યમ થી શ્રીગૌડ જાગૃતિ ના સંપાદક મંડળ ને મોકલી આપવા વિનંતી. આ ઉપરાંત આપ ની કોઈ સાહિત્યિક રચના / લેખ, કવિતા સામાજિક સંદેશ પ્રકાશિત કરવા માંગતા હોવ તો તે પણ આ ગૂગલ ફોર્મ સાથે મોકલી આપવા વિનંતી. પ્રસંગ ને અનુરૂપ ફોટોગ્રાફ અથવા કોઈ ડોક્યુમેન્ટ મોકલવા માંગતા હોવ તો તે પણ અટેચ કરી મોકલી શકો છો.

મળેલ સમાચાર અને લેખન ને મુખપત્ર માં સમાવવાની પૂરી કોશિષ કરવામાં આવશે આમ છતાં સંપાદક મંડળ ને મળેલ માહિતી ને પ્રકાશિત કરવા અંગેનો આખરી નિર્ણય તંત્રી મંડળ નો રહેશે.

જો કોઈ ડોક્યુમેન્ટ અથવા ફોટોગ્રાફ અથવા pdf સાથે વિગત આપવાની હોય તો ફાઈલ / ફોટોગ્રાફ અહીંયા અટેચ કરો (5 ફાઈલ અને 10 MB ટોટલ સાઈઝ - word, excel, drawing કે pdf અપલોડ કરી શકાશે.)

આપણા સમાજના ઉત્કર્ષ માટે અને સમાજના સભ્યો એકબીજા ની નજીક આવે અને સંગઠન ની ભવન વધુ મજબૂત બને તેવા ભાવ ને ગુણિત કરવામાં આપનું આ પ્રતિભાવ / યોગદાન અમૂલ્ય છે. સમાજ ના વિકાસ માટે આપ તત્પર રહો અને સમાજ ના પડખે ઉભા રહો તેવી શુભકામના સાથે આપનો ખુબ આભાર.

મળેલ સમાચાર અને લેખન ને મુખપત્ર માં સમાવવાની પૂરી કોશિષ કરવામાં આવશે આમ છતાં તંત્રી મંડળ ને મળેલ માહિતી ને પ્રકાશિત કરવા અંગેનો આખરી નિર્ણય તંત્રીશ્રીનો રહેશે.

સમસ્ત શ્રીગૌડ સમાજ - ગુજરાત

| ધ્રુવ જોશી | યોગેશ શુક્લ | જયંત જોષી | રાજેશ પંડ્યા'રાજ' | દિગિશ દવે |
|---|---|---|---|---|
| પ્રમુખ | મંત્રી | ઉપપ્રમુખ | તંત્રી અને સહમંત્રી | સહમંત્રી |

**ઑફિસ : સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત**

**સી-૨૧૨, દેવ ઓરમ, આનંદનગર ચાર રસ્તા, પ્રહલાદનગર રોડ, અમદાવાદ.**